णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# પ્લાન પર્યુષણ

૨૦૨૦ - લોકડાઉનમાં પર્યુષણની આરાધના માટે
પ્રેરણા અને માર્ગદર્શન


પ્રિયમ્

**અહો શ્રુતમ્**

**શા. બાબુલાલ સરેમલજી**

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

શ્રાવણ, વિ.સં.૨૦૭૬




બાળક ખુદ મા-ની ચોપડી હતું. જીવતી ચોપડી - હસ્તલિખિત ચોપડી - જેને મા-એ પોતાના લોહીની શાહીથી લખી, ઉજાગરા પણ કરીને લખી, માંદગીમાં ય લખી, નબળાઈમાં ય લખી, ને સો કામ મુકીને ય લખી. મા-ના શબ્દો, મા-ની શૈલી, મા-ની અક્ષરમરોડની કળા, મા-નું માધુર્ય, મા-ની પ્રસ્તુતિ -- બધું જ લા-જવાબ. છતાં કાગળ હલકો હતો એટલે જોઈએ એવો ઉઠાવ ન આવ્યો. પણ લોકોને કશી ખબર નથી એટલે તેઓ એમ કહે, કે આથી વધુ ઉઠાવ તો શું હોઈ શકે ? બાળકને તો ખબર છે, એટલે ૧૦૦% માને છે કે આપણો ઉઠાવ તો રદ્દીની સાથે કિલોબંધ વેંચાવા જેટલો છે. છતાં આપણે વેંચાવાની બદલે વંચાઈ રહ્યા છીએ એમાં કારણ ફક્ત એ મા-ની હસ્તકળા અને હૈયાકળા છે.

# ❀ *Welcome* ❀

એક બાજુ સકળ શ્રી સંઘ
આ વખતે શી રીતે આરાધના કરવી
એની મૂંઝવણમાં હતો.
તો બીજી બાજુ
સૂકા ભેગું લીલું ય બળે
એ ન્યાયે
સંક્રમણમુક્ત વિસ્તારોમાં
સમાનરૂપ લોકડાઉન હતું.

આ પરિસ્થિતિમાં
એક પ્રયાસ શ્રીસંઘને માર્ગદર્શન આપવાનો કરાયો
ને બીજો પ્રયાસ
જ્યાં શક્ય બને,
ત્યાં સુરક્ષિત સામૂહિક આરાધનાની પરવાનગી મળે
એનો કરાયો
આ બંને પ્રયાસોનો રિપોર્ટ અહીં પ્રસ્તુત છે.
આ એક એવો ઈતિહાસ છે.
જે ભવિષ્યમાં તથાવિધ સંયોગો પ્રાપ્ત થાય.
તો સકલ શ્રીસંઘને ઉપયોગી થશે.
એ જ આશયથી
એ પ્રસ્તુત કરાઈ રહ્યો છે.

પધારો,
આપનું હાર્દિક સ્વાગત છે.

# ❀ *Plan* - બેટર પર્યુષણ ❀

[ ***Let stone be a stepping stone*** ]

હાય હાય
આ વખતે શું થશે
આના વલોપાતમાંથી બહાર નીકળીએ
અને આ વખતે વધુ સારી આરાધના કરી બતાવીએ.
*Come on.*

## ❖ પ્રતિક્રમણ ❖

દરેક એપાર્ટમેન્ટ/સોસાયટીમાં એટલિસ્ટ એક કે બે જણ તો એવા હોય છે, જેમને પ્રતિક્રમણ આવડતું હોય છે. તેઓ અત્યારથી કામે લાગે. સૂત્ર અને વિધિના રહસ્યોનો સ્ટડી કરી લે. ને આ વખતે શોર્ટ-ટર્મ ગાઈડન્સ સાથે પોતપોતાના એપાર્ટમેન્ટ/સોસાયટીમાં જ યોગ્ય સ્થળે પ્રતિક્રમણ કરાવે. ભાઈઓ ભાઈઓને કરાવે, બહેનો બહેનોને કરાવે. સ્ટડી માટે બુક્સ-આમાંથી ચુઝ કરી શકાય → કર પડિક્કમણું ભાવશું, આવશ્યક ક્રિયા સાધના, પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ, સૂત્ર સંવેદના, ભાવ પ્રતિક્રમણનું તાળું ખોલો - વગેરે.

I promise you, જો આટલું થઈ શકે, I mean - શોર્ટ ગાઈડન્સ સાથેનું પ્રતિક્રમણ, તો બધા કહેશે, આવી મજા તો કદી નથી આવી.

## ❖ પૂજા ❖

આમ તો ઘણા જૈનોએ ઘરે પ્રભુજી પધરાવ્યા જ છે, છતાં ઘણા બાકી ય છે. ચાલો, આ વખતે નક્કી કરીએ, એટલિસ્ટ આઠ દિવસ તો મારા ઘરે ભગવાન આવવા જ જોઈએ. તમારો જો આ સંકલ્પ છે તો તમારા સંઘમાંથી, નહીં તો બીજા સંઘમાંથી, ભગવાન તો તમને મળશે જ.

Just imagine, આખું ઘર સામૂહિક અષ્ટપ્રકારી પૂજા કરે, ક્યારેક સ્નાત્ર મહોત્સવ કરે, અંગરચના કરે, મીની મહાપૂજા કરે, રંગોળીઓ કરે, આરતી કરે ને ભક્તિભાવના કરે... તમે જ કહેશો – આખી જિંદગીમાં એક પણ પર્યુષણમાં આવો આનંદ તો નથી આવ્યો.

આપણે સહુ નક્કી કરીએ. આપણે કોઈના ઘરે જવું નહીં અને આપણા ઘરે ભગવાન લાવ્યા વિના રહેવું નહીં. તમે જુઓ તો ખરા, આ આઠ દિવસની ભક્તિ તમારા કેવા ભાગ્યના દ્વાર ખોલી દે છે.

### ❖ તપસ્યા ❖

તપ કરવા માટે આમ તો ભેગા થવાની જરૂર નથી હોતી, ઉલ્ટું ક્યારેક આપણે ભેગા થઈને વિકથાએ ચડીએ, તો તપનું ફળ ઓછું ય થઈ જાય છે. આ વખતે શુદ્ધ તપ કરીએ. શુદ્ધ તપ એટલે બાહ્ય અને અભ્યંતર તપનો સરવાળો. યથાશક્તિ તપ સાથે સ્વાધ્યાય કરીએ.

સ્વાધ્યાયમાં શું કરવું ? **નંબર વન** – આપણે જે ભગવાનને ઘરે લાવ્યા હોઈએ, તેમનું ચરિત્ર વાંચીએ, બુક્સ-ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર અથવા તે તે ભગવાનના નામના પણ અનેક ચરિત્રો આવે છે. પ્રભુના ચારિત્રનો સ્વાધ્યાય એ પરમ મંગળ છે. તમારા શ્રીસંઘમાં જે મૂળનાયક ભગવાન હોય, તેમનું ચરિત્ર અથવા શાસનપતિ શ્રીમહાવીરસ્વામી પ્રભુના જીવનનું ચરિત્ર પણ વાંચી શકાય.

પુષ્પમાલા વગેરે ગ્રંથોના રચયિતા મલધારી શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજા ભવભાવના ગ્રંથમાં કહે છે –

**णीसेसदुरियद्दलणक्खमाइं णामक्खराइं वि गुरूणं ।**
**सुद्धाइं परममंतोवमाइं किं पुण सचरियाइं ?।।**

*મહાપુરુષોના ફક્ત નામના અક્ષરો ય*
*સર્વ પાપોના ભુક્કા બોલાવી દેવા સક્ષમ છે.*
*તો પછી શુદ્ધ પરમ મંત્ર સમાન*
*એમના ચારિત્રોની તો શું વાત કરવી ?*

સપરિવાર સામાયિકમાં બેઠા હોઈએ. એક જણ બોલીને વાંચે, સૌ અહોભાવપૂર્વક શ્રવણ કરે, અશુભ કર્મોના ભુક્કા બોલાય. પ્રભુની ગુણ-ગંગામાં સ્નાન થાય, પરિવારનું ગુણાત્મક સ્તર ઊંચું આવે- ઘરમાં સુખ-શાંતિની પ્રતિષ્ઠા થઈ જાય.

આપણે જો આટલું કરી શકીએ તો તપ પણ શુદ્ધ થશે અને વ્યાખ્યાનની ઉણપ પણ નહીં વર્તાય.

સ્વાધ્યાય માટે - **નંબર ટુ** - પ્રભુ વીરના સંપૂર્ણ જીવનને આવરી લેતી એક કૃતિ છે - **પંચકલ્યાણકનું સ્તવન,** દરેક જૈનને આ સ્તવન આવડતું જ હોવું જોઈએ. આપણે સંકલ્પ કરીએ, કે આ પર્યુષણની અંદર હું આ સ્તવન મોઢે કરી લઈશ. સ્તવન મોટું છે, પણ ખૂબ મજાનું છે. તમારા જેવા બુદ્ધિશાળી માટે આઠ દિવસ તો ઘણા થઈ પડે.

સ્વાધ્યાય માટે ઓપ્શન **નંબર ૩** - સમરાદિત્ય મહાકથા. લેખક પૂ. ભદ્રગુપ્તસૂરિજી મ. તમને વાંચવાનો બિલકુલ રસ નહીં હોય, તો ય તમે આ કથાને સડસડાટ વાંચી જશો અને જ્યાં સુધી એનું વાંચન પૂરું ન થાય ત્યાં સુધી તમને બુક મુકવી નહીં ગમે. **ઓપ્શન નં.૪** - ગુરુ ભગવંતોના પ્રકાશિત થયેલ પર્યુષણના વ્યાખ્યાનો. બસ, તમે આટલું કરી શકો, તો તમારા પર્યુષણને કોરોના બિલકુલ નહીં નડે, નડવાની વાત તો દૂર છે, ઉલ્ટુ આ વખતના પર્યુષણ તમારા આત્મા માટેના સુવર્ણ-દિવસો બની રહેશે.

શ્રીસંઘ અને ગુરુભગવંતથી આપણે વંચિત બનીએ, એ મંદી તો છે જ, પણ મંદીમાં પણ આપણે ધીકતી કમાણી કરી બતાવીએ તો આપણે ખરા સમજદાર. આ ચેલેન્જ આપણે સ્વીકારવાની છે અને સાકાર કરીને બતાવવાની છે. આપણે જો 'સાચા' બની શકીએ તો આપણી સાથે કશું જ 'ખોટું' થઈ શકે તેમ નથી.

***WISH YOU A***
***BETTER PARYUSHAN.***

*Plan Better Paryushan*

દરેક સોસાયટી/એપાર્ટમેન્ટે જાહેર કરવા જેવી

# PUJA SCHEEM

**પર્યુષણનું પરમ પાવન પર્વ આવી રહ્યું છે.**
**આ પર્વની રોમાંચક ઉજવણી માટે**
**આપણી સોસાયટી પ્રસ્તુત કરે છે**
**એક ખાસ સ્કીમ**

- સ્કીમ ફક્ત સોસાયટીના પાંચથી પંદર વર્ષના બાળક-બાલિકાઓ માટે છે.
- પર્યુષણના આઠ દિવસ પોતાના ઘરે ભગવાન લાવવાના.
- આઠે દિવસ પોતાના ઘરે જ રાખવાના.
- રોજ અષ્ટપ્રકારી પૂજા કરવાની
- રોજ ત્રણ સ્તવન સાથે ચૈત્યવંદન કરવાનું.
- **રોજ પાંચ સ્તુતિ અને પાંચ ગીત સાથે સરસ સન્ધ્યાભક્તિ કરવાની.**
- **રોજ આંગી અને રંગોળી કરવાની.**
- રોજ ભગવાન સાથે ૫ મિનિટ વાત કરવાની.
- જેમના ઘરે ઓલરેડી ભગવાન છે, તેઓ પણ આ સ્કીમમાં જોડાઈ શકશે.

**Prizes**
અષ્ટપ્રકારી પૂજા-કીટ +
આંગી અને રંગોળી કીટ
+ સ્પેશિયલ ગિફ્ટ

**Note**
જે મમ્મી પપ્પાના લેટર
સાથે નામ લખાવશે,
તેને કીટ પર્યુષણના આગલા
દિવસે મળી જશે,
ગિફ્ટ છેલ્લા દિવસે મળશે.

*Plan Better Paryushan*

દરેક સોસાયટી/એપાર્ટમેન્ટે જાહેર કરવા જેવી

# દેશાવગાશિક સ્કીમ

**પર્યુષણનું પરમ પાવન પર્વ આવે છે.**

**આ વખતે આપણે પૌષધ કદાચ ન કરી શકીએ**

**પણ દેશાવગાશિક તો ચોક્કસ કરી શકીએ**

***Here is the Scheme for you***

- ❑ સ્કીમ ફક્ત પાંચથી વીશ વર્ષના બાળક-બાળિકાઓ માટે છે.
- ❑ **આઠે દિવસ ડેઈલી ૮ સામાયિક + ૨ પ્રતિક્રમણ કરવાના.**
- ❑ સામાયિક પોત પોતાના ઘરે કરવાની રહેશે.
- ❑ સામાયિકમાં ગાથા/અર્થ/પુસ્તક વાંચન/સ્તવન-સ્તુતિ-સજ્ઝાય-થોય નો સ્વાધ્યાય - આટલું વેલીડ છે.
- ❑ સંવત્સરી પ્રતિક્રમણની ૩ સામાયિક ગણી શકશો.
- ❑ પચ્ચક્ખાણ Min. બેસણું કરવાનું રહેશે.

**Prize**

**જે આ સ્કીમ મુજબ દેશાવગાશિક કરે તેને સોસાયટી તરફથી ૧૦૦૦ રૂ.**

**Special Prize**

**જે આ સ્કીમ સાથે અર્થ સાથે નવી ૧૦૦ ગાથા કરી સંભળાવે તેને Extra ૨૦૦૦ રૂ.**

***You can achieve***

***1000 Rs. Or 1000 + 2000 = 3000 Rs.***

❊ ઓફર ફક્ત સોસાયટી/એપાર્ટમેન્ટ માટે.

❊ ***Trust you - તમે એક જ દિવસમાં ય ૧૦૦ ગાથા કરી શકો એમ છો. તો આઠ દિવસોમાં તો થઈ જ જાય ને ?***

❊ **હૃદયની વાત** - પર્યુષણમાં આપણે સારું દાન કરતા હોઈએ છીએ, તો શું આરાધના માટે અને ભાવિ પેઢીના સંસ્કારો માટે દાન નહીં કરીએ.

દરેક સોસાયટી/એપાર્ટમેન્ટે જાહેર કરવા જેવી

# Special Chalange

**પર્યુષણનું પરમ પાવન પર્વ આવે છે.**
**બધાં જ પ્રતિક્રમણ સોસાયટીના સભ્યો માટે**
**આપણી સોસાયટીમાં જ કરાવવામાં આવે**
**તો કોઈ આરાધનાથી વંચિત નહીં રહે.**

સોસાયટી એક ખાસ ચેલેન્જ કે
એક ખાસ ઓફર પ્રેઝન્ટ કરે છે -

**જે વ્યક્તિ દરેક પ્રતિક્રમણ સરસ ભણાવી આપે તેને પ્રતિક્રમણ દીઠ ૧૦૦૦ રૂ. નું પારિતોષિક**

**જો તે વ્યક્તિ દરેક પ્રતિક્રમણ શોર્ટ ગાઈડન્સ સાથે ભણાવે તો તેને પ્રતિક્રમણ દીઠ ૨૦૦૦ રૂ. નું પારિતોષિક**

*You can achieve*

*1000 x 17 = Rs. 17,000 Or 2000 x 17 = Rs. 34000*

**Note**

- ❑ ઓફર - પાંચથી પાંત્રીશ વર્ષના ભાઈ-બહેનો માટે.
- ❑ ભાઈઓ અને બહેનોનું પ્રતિક્રમણ અને સ્કીમ જુદા જુદા છે.
- ❑ **જેની ઉંમર નાની હશે તેમને પહેલો ચાન્સ મળશે.**
- ❑ તમને આજે ફક્ત નવકાર આવડતો હોય, તો ય તમે પર્યુષણ સુધીમાં બધું શીખી શકો, એટલી તમારી શક્તિ છે. We have such examples.
- ❑ પ્રતિક્રમણ + સ્કીમ ફક્ત સોસાયટીના સભ્યો માટે છે.
- ❑ **ચૌદશ અને સંવત્સરીએ લોકો ડિકલેર કરે તે extra Prizes પણ મળશે.**

## પર્યુષણ સ્પેશિયલ

### શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ યુવક મંડળની
### (પ્રિતમનગર, જૈન સોસાયટી)

# અગણિત અનુમોદના

- ❊ શાસનપ્રેમી યુવાનોએ સંઘના આરાધકોને પ્રેરણા કરી - આયોજનબદ્ધ રીતે દરેક એપાર્ટમેન્ટ-સોસાયટીમાં બધા જ પ્રતિક્રમણ થઈ શકે એવી ગોઠવણ કરી છે. જેમાં કાયદાકીય કે સ્વાસ્થ્યનો બાધ પણ ન આવે અને સુંદર રીતે સૌને પ્રતિક્રમણનો લાભ મળે.
- ❊ બાળકો માટે તપ, જ્ઞાન અને આરાધનાની ખાસ સ્કીમ્સ બનાવી.
- ❊ ઘરે ઘરે આરાધનાનું એક ખાસ પુસ્તક અને પર્યુષણનું એક ખાસ પુસ્તક પહોંચે એવું આયોજન કર્યું.
- ❊ ૧૦૮ માર્ક્સનું એક પ્રશ્નપત્ર કાઢીને સકલ શ્રીસંઘમાં તેનું વિતરણ થાય અને તેના જવાબો શોધવામાં સહજ રીતે સૌ જ્ઞાનમાં જોડાય એવું આયોજન કર્યું.

**આ એક અત્યંત ઉચ્ચ પ્રકારનું શ્રીસંઘ-સ્વામિવાત્સલ્ય છે.** લાગણી એવી થાય કે ભારતભરના બાળ-યુવા-વૃદ્ધ આરાધકો કંઈક એવું સ્પેશિયલ કરે, જેનાથી આ પર્યુષણની આરાધનામાં કોઈ જ ખોટ ન રહે. **આપણે અનુમોદના કરીએ અને આલંબન લઈએ.**

**શ્રી આંબાવાડી જૈન સંઘ અંતર્ગત**

**શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન યુવક મંડળ આયોજિત**

# TRAINING CAMP

## ચાલો ઉજવીએ પ્લેટિનમ પર્યુષણ

***Gents Only***

**ચુનંદા ભાઈઓને એવી તાલીમ અપાશે.**

**જેનાથી તેઓ દરેક એપાર્ટ./સોસાયટીમાં લિમિટેડ ભાઈઓને સુંદર આરાધના કરાવશે.**

***TRAINING WEEK***

**બુધવાર તા. ૫-૮-૨૦૨૦ થી મંગળવાર તા.૧૨-૮-૨૦૨૦**

**રાતે ૮.૩૦ થી ૯.૩૦ દરરોજ**

***VENUE***

**શ્રી આંબાવાડી જૈન સંઘ, શ્રમણ ઉપાશ્રય**

**Group - A** જેઓ અમદાવાદના જિનાલયોમાંથી પ્રાપ્ય **ધાતુના ભગવાનોને** પર્યુષણના આઠ દિવસ ઘરે લઈ જવા ઈચ્છતા ભાવુકોને સેટિંગ કરી આપશે.

**Group - B** જેમને **અષ્ટપ્રકારી પૂજા** અને **ચૈત્યવંદન** આવડે છે. સાત દિવસમાં તેના રહસ્યોને શીખીને તે તે એપાર્ટમેન્ટ/સોસાયટીમાં **પ્રભુભક્તિ** કરાવશે.

**Group - C** જેમને સામાયિક અને **સ્ટોરી-ટેલિંગ** ફાવે છે, તેઓ થોડી તાલીમ લઈને બાળકોને તે તે સોસાયટી/એપાર્ટમેન્ટમાં સુંદર વાર્તા કહેવા દ્વારા આરાધના કરાવશે.

**Group - D** જેમને રાઈ/દેવસિ **પ્રતિક્રમણ** આવડે છે, તેઓ સૂત્રો અને વિધિના રહસ્યો શીખીને **શોર્ટ ગાઈડન્સ** સાથે એપાર્ટમેન્ટ/સોસાયટીમાં પ્રતિક્રમણ કરાવશે.

આપ કોઈ પણ ઉંમરના હો,

આ ચારમાંથી આપ જે પણ ગ્રુપમાં જોડાઈ શકો એમ હો આપનું હાર્દિક સ્વાગત છે.

**શાસનસેવાના આ સ્વર્ણિમ અવસરને ઝીલવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.**

**કેમ્પ આંબાવાડી સંઘ માટે** દરેક ગ્રુપને જુદા જુદા ગુરુ ભગવંતો હેન્ડલ કરશે.

સાથે લવશો - **નોટ અને પેન, તથા ભરપૂર શાસનરાગ.** Thanks

# શું તમે હજી પણ શ્રીસંઘમાં વાર્ષિક યોગદાન નથી આપ્યું ?

આપણે બધા પર્યુષણમાં જ ભેગા થતા હોઈએ, માટે પર્યુષણમાં જ સમગ્ર વર્ષના જિનાલય વગેરેના નિભાવની ટીપો થતી હોય છે.

આપણા માટે આ એક સહજ ઘટના છે, પણ ગીતાર્થ ગુરુ ભગવંતો માટે આ એક દર્દીલી દુર્ઘટના છે. જેમાં વહીવટદારોનો કોઈ જ દોષ નથી.

આપણે કદી વિચાર કર્યો છે ખરો કે જેમને આપણે ધર્મ કરવાનું કહી કહીને થાકી જઈએ છીએ, એ ન્યુ જનરેશન આખા વર્ષમાં જ્યારે આ આઠ જ દિવસ આવતી હોય ત્યારે આપણે એમને ધર્મનું કેવું ચિત્ર બતાડીએ છીએ ? કેન્દ્રમાં આરાધના ? જિનવાણી ? કે પૈસા ?

આપણે જો પર્યુષણના આગલા વીકમાં જ આપણું યોગદાન સામેથી આપી દઈએ તો પર્યુષણમાં આવો પ્રોબ્લેમ થાય જ નહીં. ન્યુ જનરેશન ધર્મથી વિમુખ થાય ને જિનશાસનના ફ્યુચર પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગે એવી પરિસ્થિતિનું સર્જન દર વર્ષે આપણા દ્વારા થતું હોય છે. આના જેવી દુઃખદ ઘટના બીજી કઈ હોઈ શકે ?

ચાલો, આ વર્ષથી આપણે આપણી ભૂલ સુધારીએ, એક્ચ્યુલી આ ડોનેશન નથી. આપણો જ એક પ્રકારનો ઘરખર્ચ છે, જેનો બેનિફિટ આપણને જ મળવાનો છે.

*Without Fail...*

*Before a week.*

*Thanks a lot.*

# શું તમે હજી પણ ઘરમાં ભગવાન લાવ્યા નથી ???

પહેલા દર્શન વગર રહ્યા,
પછી પૂજા વગર રહ્યા,
પૂજા ચાલુ થઈ
તો બીજી બધી જ વિધિ વિના રહેવાનું ?
ને ફક્ત પસ્તાવો કરવાનો ?... હાય હાય કેવું થયું...
કશું થતું જ નથી.
આવું શ્રાવકને શોભે ખરું ?
**શ્રાવક તો બહારગામ જાય તો ય સંપૂર્ણ પૂજાવિધિ**
**છોડે જ નહીં.**
**જો ત્યાં જિનાલય ન હોય તો સાથે ભગવાન લઈ જાય**
**કદાચ ભૂલી ગયો હોય તો નવા ભગવાન બનાવે**
**ફક્ત પસ્તાવો કરીને બેસી ન રહે.**
આ જ કારણે તો જિનશાસનને અંતરિક્ષ પાર્શ્વનાથ મળ્યા છે.
કારણ એ જ - બહારગામ ગયેલા શ્રાવકની પણ
જિનપૂજાની નિશ્ચલ ટેક.
**ઘરમાં ભગવાન લાવવા નહીં ને પૂજા/ચૈત્યવંદન વગેરે ન કરવા**
**એ પણ પ્રભુનો અવિનય છે.**
**સૂક્ષ્મ કક્ષાની આશાતના છે.**
જેઓ આશાતનાના ભયથી ઘરમાં ભગવાન લાવતા જ નથી,
તેમણે આ પદાર્થ ખાસ વિચારવા જેવો છે.
ટેમ્પરરી ભગવાન લાવવા માટે કોઈ વિધાન વગેરે જરૂરી નથી
ખૂબ આદરથી આદરપાત્ર સ્થાને પધરાવો
એટલું ઘણું છે

આરાધના કરતા બાય-ચાન્સ આશાતના થાય
એ પાંચ પૈસાનું નુકશાન છે.
ભગવાન લાવવા જ નહીં
ને આરાધના કરવી જ નહીં
એ પાંચ કરોડનું નુકશાન છે.

**अविहिकया वरमकयं असूयवयणं भणंति सव्वन्नू ।**
**पायच्छित्तं जम्हा अकए गुरुयं कए लहुयं ।। योगविंशिकावृत्ति ।।**

અવિધિથી કરવા કરતા ન કરવું સારું,
આ મત્સરવચન છે - ઉત્સૂત્ર છે, એવું સર્વજ્ઞો કહે છે.
કારણ કે
ન કરવામાં પ્રાયશ્ચિત્ત મોટું હોય છે.
કરવામાં કદાચ કંઈ ભૂલ થાય તો પ્રાયશ્ચિત્ત નાનું હોય છે.

**હૃદયની વાત કહું ?**

આ તો કુદરતે આપેલો અતિવિશિષ્ટ-ભક્તિનો
મહામૂલો અવસર છે.

**મારા પ્રભુજી મારા ઘેર, મારે થઈ ગઈ લીલાલહેર**

જે આચાર આ -જીવન કાયમ પાળવાનો હતો
જે મજા જિંદગીભર માણવાની હતી,
ઘર-દેરાસરમાં પોતાના હાથે પ્રભુની બધી જ ભક્તિ...
અષ્ટપ્રકારી પૂજા... મન મૂકીને ઉપાસના..
સવાર-સાંજ ભક્તિ... સ્તવનો... સ્તુતિઓ...
ભાવવાહી ગીતો...ઉછળતા ઉમંગે નૃત્ય...

**શું આ મજા આપણે જિંદગીમાં થોડા દિવસો પણ નહીં માણીએ ?**
**હજારગણી કમાણી કરી લેવાની હોય એ સિઝનમાં**
**શું આપણે દેવાળું કાઢશું ?**

તમારી અને પરિવારની આ તૂટેલી લિન્ક ક્યારે જોડાશે ?
તમે ઓલરેડી મોડા છો, પ્લીઝ, વધુ મોડું ન કરો.

# શું તમારી પાઠશાળા હજી બંધ છે ?

**ભારતભરના**
**પાઠશાળા સંચાલકોને**
**લાગણી અને વેદનાભરી વિનંતિ**

કોરોનાના પ્રકોપમાં આપણે બધું જ બંધ કરેલ, છેવટે બધું ચાલું થયું. નોકરી, ધંધા, જર્ની, કશું બાકી ન રહ્યું. સ્કુલ-કોલેજવાળાએ એમના વિકલ્પો પણ કાઢી લીધા.

તો પછી જે શ્રીસંઘના ભવિષ્યનું નિર્માણ છે, જે જિનશાસનની જીવાદોરી છે, એ પાઠશાળાઓ બંધ શા માટે ? અમુક સંઘોએ સમજણ દાખવીને ગેધરીંગ વગર પણ પાઠશાળા ધમધોકાર ચાલે એવી વ્યવસ્થા કરી છે, તો આપણે પણ એવું કેમ ન કરી શકીએ ?

રાતે ઊંઘ ન આવે અને મોઢામાં કોળિયો ન જાય એવી આ પાઠશાળા-બંધની સ્થિતિ છે. આમે ય છોકરા ઓછા આવતા હતા, એમાં જો આ લિન્ક તૂટી તો પછી એ ક્યારે જોડાશે ? જોડાશે કે પછી નહીં જ જોડાય ? શું આ ચિંતા તમને શેકી નાંખતી નથી ?

છતી શક્તિએ નજર સામે શાસનના ભાવિને ખતમ થતું જોયા કરવું એ પણ મોટું પાપ છે. આપણા આશ્રિત જીવને ખાવાનું જ ન આપવું, એ એને મારી નાંખવાનો જ એક પ્રકાર છે.

ખરેખર તો અત્યારે જ્યારે બધાને સમયની ખૂબ અનુકૂળતા છે ત્યારે ગાથા અને તત્ત્વજ્ઞાન બંનેમાં દશગણું કામ લઈ શકાય એમ છે. આપણે નુકશાની નહીં પણ ધૂમ કમાણી કરવાની છે. જે આરોગ્યના આંશિક પણ જોખમ વિના થઈ શકે છે. પ્લીઝ, આમાં બિલકુલ મોડું ન કરશો. આપના જેવા શાસનપ્રેમી માટે આ જ ઉચિત છે.

# શું તમે હજી ગૃહ-સંસ્કરણ ચાલું કર્યું નથી ???

પહેલા
ન'તો સંતાનો પાસે સમય,
ને ન'તો તમારી પાસે સમય,
કદાચ આખી જિંદગીમાં પહેલી વાર સૌને સમય મળ્યો.
આ સમય કઈ રીતે જઈ રહ્યો છે ?

**An empty mind is a devil's workshop.**

**તમે સંતાનોનું સંસ્કરણ નહીં કરો**
**તો એ નવરા બેઠા નખ્ખોદ વાળશે.**

તમારા સંતાન આખો દિવસ ફોન પકડીને બેસતા હોય
એ જોઈને તમારું હૈયું વલોવાઈ નથી જતું ?
શું તમને નથી લાગતું કે તમારા ઘરમાં વર્તમાનના
અને ભવિષ્યના ઘોર પાપોનું સર્જન થઈ રહ્યું છે ?

**બસ, હવે બહુ થયું.**
**હવે આપીએ સંતાનોને સરસ મજાની સ્કીમ્સ -**

| | |
|---|---|
| ડેઈલી Min. **૪ સામાયિક** | - ૧ સામાયિકના **૧૦૦** પોઈન્ટ્સ |
| ડેઈલી Min. **૫ ગાથા** | - ૧ ગાથાના **૨૫** પોઈન્ટ્સ |
| ડેઈલી Min. **૩ સ્ટોરીરિડિંગ** | - ૧ સ્ટોરીના **૧૦** પોઈન્ટ્સ |
| ડેઈલી **અષ્ટપ્રકારી પૂજા** (ઘરમાં) | - ૧ દિવસના **૧૦૦** પોઈન્ટ્સ |
| ડેઈલી **સરસ આંગી** | - જેવી આંગી એવા પોઈન્ટ્સ |
| દેવસિ કે રાઈ **પ્રતિક્રમણ** | - ૧ પ્રતિક્રમણના **૧૨૫** પોઈન્ટ્સ |

જૈન ઈતિહાસ/તત્ત્વજ્ઞાન/સિદ્ધાન્ત તમે જાતે સમજાવો
અને એની પરીક્ષા લઈ યોગ્ય પોઈન્ટ્સ મુજબ ઈનામ આપો.

**તમે આવું કંઈક કરી શકો, તો આ સ્વર્ણિમ સમય છે.**
**તમે આવું કશું ન કરી શકો તો આ ભયાનક સમય છે.**

**एगत्थ सव्वधम्मा साहम्मियवच्छलं तु एगत्थ**

ત્રાજવાના એક પલ્લામાં બીજી બધી જ ધર્મારાધના
ને એક પલ્લામાં સાધર્મિકવાત્સલ્ય.

**સંપન્ન પરિવારોને પ્રેરણા**

કમ સે કમ
એક સાધર્મિક પરિવારને દત્તક લઈ લો.
એના પ્રત્યેક સભ્ય જાણે
તમારા જ સંતાન હોય
એમ તેમનું બધી જ રીતે યોગ્યક્ષેમ કરો.
દ્રવ્યથી પણ.
ભાવથી પણ.
ધનથી પણ.
ધર્મથી પણ.

**એમનામાં આત્મનિર્ભરતા અને ધર્મચુસ્તતા બંને આવે,**
**એમનામાં આર્થિક-સદ્ધરતા અને આરાધના બંને આવે,**

તેઓ શાસનપ્રેમી, આચારચુસ્ત, જ્ઞાનસંપન્ન
એવા પ્રબુદ્ધ શ્રાવક બને
એવો પ્રયાસ જો તમે કરો
તો એ અઢી દ્વીપના ત્રણે કાળના સર્વ સંઘ-સભ્યોની
શ્રેષ્ઠ ભક્તિ કરવાનું પુણ્ય આપીને રહેશે.

**इक्कम्मि पूइयम्मि सव्वे ते पूइया**

**हुंति ।**

**કદાચ**
**આવતી કાલના પારણે ઝુલતા મહાવીર**
**એટલે સાધર્મિક.**

**આવતી કાલના ચૌદ સ્વપ્નો જોતા ત્રિશલા માતા**
**એટલે સાધર્મિક.**
**આવતી કાલના કલ્પસૂત્ર અને બારસાસૂત્ર વાંચતા ગુરુદેવ**
**એટલે સાધર્મિક.**

વર્તમાનના વિકરાળ કાળની અપેક્ષાએ દાનનું સર્વોત્કૃષ્ટ ક્ષેત્ર
એટલે સાધર્મિક.

**તમે કલ્પના કરી છે ખરી ?**

જેમની નોકરીઓ છૂટી, જેમના પગારો તૂટ્યા, ધંધા ભાંગી ગયા,
જેઓ દિવસ-રાત ટેન્શનમાં આવી ગયા, જેમના બધાં જ
ખર્ચા ઊભા છે ને આવકોના સાધનો તૂટ્યા છે
એમના પર અત્યારે શું વીતતી હશે ?

મારી પ્રેરણા છે

**પર્યુષણનું સદ્વ્યયનું તમારું જે બજેટ હોય**
**તેમાં શ્રીસંઘના નિભાવની રકમ બાદ કરી**
**બાકીનું ૯૦% બજેટ 'સાધર્મિક'ને ફાળવી દો.**

સ્થાનિક શ્રીસંઘ દ્વારા, એવી કોઈ સંસ્થા દ્વારા કે વ્યક્તિગત
તમને જે રીતે ફાવે તે રીતે
આ એક વર્ષ 'સાધર્મિક' ને સાચવી લો,
જો આપણે એવું ન કર્યું, ને ઈચ્છાનુસાર વર્ત્યા,
તો આપણે આપણને કદી માફ નહીં કરી શકીએ.

લોકડાઉન

હજારો સાધર્મિકો માટે મહામારિ જેવું બની રહ્યું છે.
આપણી પહેલી ફરજ એમને જીવાડવાની બની રહે છે.

## ❀ વિચાર મંથન ❀

*(જેઓ ગેરસમજ/ગેરવર્તનથી અંતરાય કરતા હતા તેમના માટેનો લેખ)*

બજારો ક્યારના ય ખુલી ગયા.
આપણા છોકરાઓ બિન્ધાસ્ત હોટલોમાં જતા ય થઈ ગયા.
સૌથી વધુ જોખમી કહેવાય ટ્રાન્સ્પોર્ટેશન એ ય ધૂમ ચાલું થઈ ગયું.
બાકી રહ્યો એક ધર્મ.
કોરોનાનો બધો ડર જાણે એક ધર્મથી જ બાકી રહ્યો.
પૂજા એટલે સંક્રમણ.
દેરાસર એટલે સંક્રમણ.
જિનવાણી એટલે સંક્રમણ.
હા, બહાર પાપો કરવા જવું હોય,
ત્યાં કોઈ જ સંક્રમણ નહીં.
આ પણ ધર્મની ઘોર આશાતના છે.
નથી આપણે ઘરે ભગવાન લાવ્યા.
નથી આપણે દેરાસર પૂજાવિધિ કરતા,
દુકાન-ઓફિસ ચાલુ થઈ ગયા છે.
આનો અર્થ શું ?
નથી આપણે ઘરે સામાયિક લઈને સ્વાધ્યાય કરતા.
નથી ઉપાશ્રયમાં જિનવાણીનું શ્રવણ કરતા.
બીજું બધું લોકડાઉન ક્યારનું ય આપણે ખોલી દીધું છે.
ફક્ત જિનવાણીની બાબતમાં આપણે
સંઘને આડે આવીએ એનો અર્થ શું ?
છાતી પર હાથ મુકીએ ને આપણે આપણને પૂછીએ,
શું આ આપણી ડબલ-ઢોલકી નથી ?
જે વિસ્તારો સંક્રમણ ગ્રસ્ત નથી.
જે વિસ્તારોમાં આપણે પૂરી છૂટ-છાટથી વર્તીએ છીએ.

ત્યાં પણ ફક્ત ધર્મની જ બાબતમાં આભડછેટ રાખવી
એનો અર્થ એ છે
કે આપણને ધર્મ પ્રત્યે ખરી લાગણી જ નથી.
તો સવાલ કોરોનાનો નથી,
આપણી અંતર્ગત વિષમ પરિસ્થિતિનો છે.
આપણા આત્માના હિત માટે
એમાંથી વહેલાસર બહાર આવી જવા જેવું છે.

✳

## ❀ હૃદયની લાગણી ❀

*(જેઓ ગેરસમજ આદિથી વિઘ્નો કરતા હતા તેમના માટેનો લેખ)*

ભારતભરના આરાધકો અત્યારે આઘાતની લાગણી અનુભવી રહ્યા છે.
કે અમારી આરાધનાનું શું ?
ત્યારે એક હૃદયની લાગણી રજુ કરું છું.
સાથે રહીએ ને સાથે મળીએ
એટલે વાસણ ક્યારેક ખખડે પણ ખરા
પણ એટલા માત્રથી આપણે વ્યક્તિગત વેર બાંધી બેસીએ
અને પછી એટલી નીચી ભૂમિકાએ પહોંચી જઈએ
કે હવે હું સંઘની આરાધના પણ નહીં થવા દઉં.
**આપણે છેલ્લી કક્ષાએ જઈને ધમકી પણ આપી શકીએ,**
**ત્યારે આપણે આખા જીવનની કરેલી**
**આરાધના અને તપસ્યાને બાળીને રાખ કરતા હોઈએ છીએ.**
અધ્યાત્મકલ્પદ્રૂમ શાસ્ત્ર કહે છે –
**न तत्समोऽरिः क्षिपते भवाब्धौ**
**यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ।**
***જે ધર્મમાં અંતરાય વગેરે કરે,***
***પ્રભુવચનના શ્રવણ કે અનુસરણની આડા આવે***

***તે જીવોને ધક્કો મારીને ભવસાગરમાં પાડે છે.***
***તેમના જેવા દુશ્મન બીજા કોઈ જ નથી.***

બને છે શું ?
એકાદ વ્યક્તિ પ્રત્યેના શત્રુભાવથી
આખા સંઘના શત્રુ બનવાનું પાપ વહોરી લેવાય છે.
પ્રભુવાણીના શ્રવણ અને અનુસરણમાં વિઘ્ન નાંખીને
શાસનના મૂળમાં જ કૂઠારાઘાત કરવામાં આવે છે.
**આ એક બહુ જ મોટું પાપ છે, જેનું ફળ છે**
**દુર્લભ બોધિત્વ, દુર્ગતિની પરંપરા અને અનંત સંસાર.**
હાથે કરીને આપણે આપણા આત્મા પર
આવો જુલમ શા માટે કરવો જોઈએ ?
આપણે જોયું કે બીજાઓની આરાધના થઈ ગઈ.
બધે ફોટા ય આવી ગયા.
**કારણ એ જ કે એમના અંદરના કોઈ ફૂટેલા ન હતા,**
**શું આપણે એમનાથી ય જઈશું ?**
બને તો 'ક્ષમા' અને 'ઉપશમ' અપનાવી વેર-ઝેર કાઢીએ,
એ ન જ બને તો ય એ વ્યક્તિને કહી દઈએ કે
**'''ધર્મ'ના તો દરેક કામમાં હું તમારી સાથે જ છું.**
**મારા વિઘ્નના ભયે તમે અટકશો તો ખરેખર મારું નખ્ખોદ નીકળી જશે.''**
ગણ્યા ગાઠ્યા લોકો જો આટલા લેવલ પર આવી શકે
તો લાખોની આરાધના થઈ શકે તેમ છે. પ્લીઝ.
આપણે બહુ બાલિશતા કરી, હવે કંઈક સમજીએ.

સુરક્ષિત વિસ્તારોમાં સુરક્ષિત રીતે
સામૂહિક આરાધના થઈ શકે તે માટે આ લેખો
વર્તમાન પત્રોમાં આપવામાં આવ્યા.
જેનાથી આર્થિક મુદ્દો પણ સમજાય અને ધર્મ-અંતરાય ટળી શકે.

## પર્યુષણ બંધની જાહેરાતથી હજારો માળીઓ, લાખો વિક્રેતાઓ અને શ્રમિકો નિરાશામાં ધકેલાયા

લોકડાઉન બાદ આર્થિક કારણોસર માર્કેટ ને હોટલોથી માંડીને એરલાઈન્સ અને સિનેમાગૃહો સુદ્ધા ખુલતા ગયા. છતાં પર્યુષણને માત્ર ધાર્મિક મદ્દો સમજીને મંજૂરી ન મળી. જેના પગલે જૈન સમાજે પર્યુષણ બંધની જાહેરાત કરી દીધી. આ જાહેરાતથી લાખો અજૈનો જેમના માટે કમાણી કરવાની સિઝન 'પર્યુષણ' હતી, તેઓ આઘાતની લાગણી અનુભવી રહ્યા છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો ફક્ત અમદાવાદમાં જ લગભગ ૧૦૦૦ નાના-મોટા દેરાસર ગણીએ, તો દરેક દેરાસરમાં ફૂલ માટે માળી જોઈએ. આમ એક દેરાસર એક માળીના પરિવાર માટે આવકનું સાધન બની રહેતું હતું. લોકડાઉનમાં દેરાસરો બંધ રહેવાથી એ પરિવારો ભીંસમાં આવી ગયા. આ પરિવારો માટે પર્યુષણ એ દિવાળી બની રહેતા હતા. કારણ કે આખા વર્ષની સૌથી વધુ આવક તેમને આ દિવસોમાં થતી હોય છે. જે માળીઓ લોકડાઉનમાં આવેલી ભીંસમાં પર્યુષણથી રાહત મળશે એવી આશામાં હતા, તેઓ નિરાશામાં ધકેલાઈ ગયા છે. ભારતભરમાં આવા લાખો માળીઓ છે.

માળીઓ એક ઉદાહરણ છે, એવા તો લાખો પૂજારીઓ, દેરાસરોમાં ધરાવાતા ફળો, નૈવેધ, ધૂપ, અગરબત્તી અને શણગાર-સામગ્રીના લાખો વિક્રેતાઓ, શણગાર કરી આપનારા લાખો શ્રમિકો, તપસ્યા અને પારણાને લગતા ભોજન વગેરેની સામગ્રીના વિક્રેતાઓ, વ્યવસ્થાકીય સરળતા માટે નિયુક્ત થતા હજારો સિક્યુરિટીના માણસો, પ્રવચન અને પ્રતિક્રમણ પછી અપાતી 'પ્રભાવના' - લ્હાણીની વસ્તુઓના લાખો વિક્રેતાઓ, હજારો રંગોળી કરનારા કલાકારો, દેરાસરમાં સંગીમતમય ભક્તિ કરનારા હજારો સંગીતકારો, હજારો શરણાઈ-નગારા વગાડનારાઓ - આ બધાં જ આઘાતની લાગણી અનુભવી રહ્યા છે.

પર્યુષણ એ ફક્ત ધાર્મિક મુદ્દો નથી પણ એક મજબૂત આર્થિક મુદ્દો પણ છે આ વાત સરકારના ધ્યાનમાં આવી નથી, સરકારે મંજૂરી ન આપી, જૈનોએ પ્રતિબંધ સ્વીકારી લીધો. પણ 'આ લાખો લાખો અજૈનોના રોજગારોનું શું ?' આ પ્રશ્ન સામે નજર જ ન કરાઈ.

પર્યુષણમાં વરઘોડા પણ નીકળતા હોય છે. જેમાં હજારો ઘોડા/બળદ/હાથીના પાલકોને આવક થતી હોય છે. હજારો બેન્ડ-વાજા-શરણાઈ ઢોલ-બગી-રથવાળા અને સાંસ્કૃતિક કાર્યક્રમો આપતી વ્યાવસાયિક મંડળીઓના હજારો સભ્યો પણ પર્યુષણને કારણે સારી કમાણી કરી લેતા હોય છે, તેમણે પણ માથે હાથ દઈને બેસવાનું રહ્યું છે.

છતાં જૈનોની માંગણી વરઘોડા માટે હતી જ નહીં. ફક્ત આઠ દિવસ પ્રવચન-શ્રવણ અને પ્રતિક્રમણ-પાપો ધોવાની સાધના આટલું કરવા માટેની તેમની માંગણી હતી. આ બંને પ્રવૃત્તિ સંપૂર્ણ સલામત રીતે સોશિયલ ડિસ્ટન્સ રાખવા પૂર્વક થઈ શકે છે ને તે માટે જૈનો પૂરો પ્રબંધ કરવા તૈયાર છે. જો આટલું થાય તો (વરઘોડા સિવાય) લાખો લાખો અજૈનોને રોજગારી મળે શકે છે અને કરોડોની નુકશાની બચી શકે છે.

✳

## પર્યુષણ જૈનોનું મહાપર્વ છે
## બિન-જૈનોનું રોજગાર પર્વ છે.

અન લોકડાઉનના આ પિરિયડમાં પણ 'ધર્મ' પરનું લોકડાઉન હજી ખસ્યું નથી. બજારમાં લોકો કોઈ જ ડિસ્ટન્સ વિના લાઈનમાં ઊભા છે કે લગોલગ અડીને પસાર થઈ રહ્યા છે. હોટલોના દૃશ્યોમાં કોરોના-ગાઈડલાઈનના લક્ષણો દેખાતા નથી. સિનેમાગૃહો ને જિમ્નેશિયમો સુદ્ધા લોકડાઉનની જેલથી છૂટી ગયા છે, પણ એક 'ધર્મ' હજી પૂરાયેલો છે.

સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે પણ સદ્ગુણો અને સંસ્કાર આપતું

પ્રવચન સાંભળવું એ ગુનો છે કારણ કે એ કોઈને રોજગાર આપતું નથી, છૂટ્ટા છૂટ્ટા બેસીને પ્રતિક્રમણક્રિયા કરવી એ ગુનો છે, કારણ કે એનાથી કોઈને રોજી મળતી નથી. દેરાસરમાં જઈને પૂજાવિધિ કરવી એ ગુનો છે. કારણ કે હજી એના દ્વારા કોઈ ટેક્સ-આવક ચાલુ થઈ નથી.

'ધર્મ' એ તદ્દન નિરુપયોગી બિન-ઉપજાઉ તત્ત્વ છે. આ બેઝ પર ધર્મ હજી પૂરાયેલો છે, પણ આ બેઝ તદ્દન ખોટો છે. દરેક દેરાસર એના નિર્માણથી માંડીને નિભાવ સુધી હજારો પરિવારોને રોજી આપી ચૂક્યું હોય છે. સોમપુરા, મજૂરો, કારીગરો, રૂપકામ કરનારા કલાકારો, લોડિંગ અનલોડિંગ કરનારા શ્રમિકો, ખાણમાં કામ કરનારા મજૂરો, સ્ટોન-મર્ચન્ટ્સ વગેરેથી માંડીને પૂજારીઓ, દૂધવાળા, ફૂલવાળા, ધૂપવાળા, દીવાવાળા, ફળ-વેંચનારા, નૈવેદ્ય વેંચનારા, શણગાર સામગ્રી- વેંચનારા, પૂજા-પૂજન ભણાવનારા, સંગીતમય પ્રભુભક્તિ કરાવનારા. આ બધાને નિર્વાહ દેરાસરથી થતો હોય છે. એક ઓફિસ જેટલાને રોજગાર આપતી હોય છે એના કરતા અનેક ગણા લોકોને એક દેરાસર રોજગાર આપતું હોય છે.

એમાં પણ જો તીર્થસ્થાન હોય તો શું કહેવું ? જૈનોનું એક જ તીર્થ- પાલીતાણા આજુબાજુના સો ગામના નિભાવમાં સિંહફાળો આપે છે, તો પાલિતાણા ગામને ધમધમતું શહેર બનાવનાર ને હજારો માણસોને રોજની રોજી આપનાર પણ આ તીર્થ જ છે. ધર્મ બિનજરૂરી કે બિન-ઉપજાઉ છે આ બેઝ પર દારૂની દુકાનો સુદ્ધા ખોલી ચૂકેલી સરકારો હજી ધર્મને સમજી શકતી નથી. એમાં લાત તો આ લાખો માણસોના પેટ પર જ પડે છે.

પ્રવચન, પ્રતિક્રમણ અને પ્રભુભક્તિ આ ત્રણે પર્યુષણમાં વિશેષરૂપે થતા હોય છે, જૈનો આ ત્રણે વસ્તુ ટોટલ સેફ્ટી અને સોશિયલ ડિસ્ટન્સ સાથે કરવા તૈયાર છે. સરકાર જો આટલી સમ્મતિ આપે તો લાખો લોકોને રોજગાર મળી શકશે. કરોડો કરોડોની નુકશાની અટકી શકશે.

કોરોનામાં તો મૃત્યુદર ઓર નીચો ગયો છે. ભારતની સમસ્યા કોરોના નથી, લોકડાઉન છે. જેમાં કોઈને રૂપિયો ય ન મળે એવી ઈદની નમાજ જો પઢી શકાય છે, તો આ લાખોની રોજીના રોજગાર-પર્વને બંધ રાખવામાં કોઈ જ સમજદારી નથી.

✷

## સર્વેક્ષણમાં જાણવા મળ્યું – નાના માણસો આવી ગયા મોટી ભીંસમાં

**કોરોના તો મહામારિ બની શક્યું નથી. લોકડાઉન જરૂર બની શકશે.**

કોરોનામાં મરણ આંક નીચે ગયો છે, એટલું તો આંકડાઓથી સાબિત થઈ ચૂક્યું છે. જો કેન્સર કે ટી.બી. મહામારિ નથી. જો હેમરેજ કે હાર્ટડિસિઝ મહામારિ નથી, તો કોરોનાનું તો 'મહામારિ'નું બિરુદ પામવાનું કોઈ ગજું જ નથી. એક તો કોરોનાનો મરણ આંક નીચો છે, બીજું એ આંક પણ વિવાદાસ્પદ છે. કારણ કે બીજા રગોથી થયેલા કે બીજા કારણોથી થયેલા મોતને પણ કોરોનાના નામે ચડાવવામાં આવ્યું હોય એવા કેસો આપણા સહુની આસપાસ બની જ રહ્યા છે. આ બધી ભાંજગડમાં કોમનમેનની શી દશા થઈ છે એ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું એ આજના સમયની તાતી જરૂરિયાત છે.

તાજેતરમાં વડોદરામાં એક સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં મધ્યમવર્ગીય આબરુદાર પરિવારોએ પોતાનું નામ આપ્યા વગર પોતાની પરિસ્થિતિનું બયાન કર્યું હતું. એમાંથી કેટલાંક દાખલા જોઈએ.

- ❑ ભાડાના મકાનમાં રહીએ છીએ, સામાન્ય નોકરીના કારણે બચત કાંઈ નહીં, વડીલોની દવાના અને બાળકોના અભ્યાસના ખર્ચા, ત્રણ મહિનાનુ મકાન ભાડુ બાકી, બાળકોની ફી બાકી હોવાથી શાળાએ પરિણામ અટકાવ્યું છે. ચિંતાના ઢેરમાં કેવી રીતે જીવવું ?

- દીકરી બહારગામ ભણે. દીકરો ૧૧ પાસ થયો. બંનેના ભણાવવાની જવાબદારી કેવી રીતે પાર પાડવી ? નોકરીમાં ૨૦ ટકા પગારકાપ ઉપરાંત વીકમાં બે દિવસ કપાત પગારની ફરજિયાત રજા.
- અમો નાની સરખી નોકરી સાથે ઘરેથી છૂટક કામકાજ કરીએ છીએ. આ સમય દરમિયાન ગૃહકાર્યની રોકાણની મૂડી વપરાઈ ગઈ, નોકરીમાંથી પગાર ન મળ્યો, નોકરી હજી ચાલુ રહેશે કે કેમ એની ચિંતા છે ને હવે ગૃહકાર્યની ૨૦-૨૫ હજારની મૂડી ક્યાંથી લાવવી ?
- બે મહિના મને પગાર ન મળ્યો, મારા પતિની તો નોકરી જ ગઈ. દીકરો એમ.એસ.યુ. માં બી.બી.એ. કરે છે. છેલ્લા વર્ષમાં છે, તેની ફી ૫૫ હજાર કઈ રીતે ભરી શકાશે ?
- નાના ગામમાં બજારમાં દુકાન છે, દીકરો-દીકરી કોલેજમાં ભણે છે. બે મહિના બંધ ધંધાની ફરી શરૂઆત કરવા ૩૦-૪૦ હજાર મૂડી ક્યાંથી લાવવી ?
- અમારા બંનેની ઉંમરના કારણે દવાના અને પૌત્રોના ભણવાના ખર્ચાઓ, દીકરાને નોકરીમાં ૩૦% પગાર કાપ, હવે કઈ રીતે દિવસો જશે એ સમજાતું નથી.
- સારી કંપનીમાં બંનેને સારા પગારથી નોકરી છે. પણ બંનેના પગાર બે મહિનાથી આવેલા નથી. મકાન, ટુ વ્હીલર તથા ઘરેલુ ચીજોના હપ્તા કેમ ભરવા ? દીકરી બારમામાં, દીકરો કોલેજમાં, ફીનું શું કરવું ? ચિંતાનો કોઈ પાર નથી.
- મારા પતિશ્રી રિક્ષા ચલાવે છે, બે બાળકો અભ્યાસ કરે છે. કપરા સમય દરમ્યાન કોઈ જ આવક નહીં, હવે કામ શરૂ થયું છે, પણ પહેલા જેવું તો નથી જ, સ્વમાનભેર જીવવાવાળા અમે કઈ રીતે સમય પસાર કરશું ? (સર્વેક્ષણમાં આવા અઢળક દાખલા મળ્યા છે)

વડોદરામાં થયેલું આ સર્વેક્ષણ ભારતભરના કરોડો પરિવારોનું

પ્રતિબિંબ છે. જેમાં ડિસ્ટન્સ જળવાય છે એવી પણ પ્રવૃત્તિઓને લોકડાઉનમાં બંધ રાખવાથી આ પરિવારો પર ઓર ભીંસ વધશે.

જૈનોના પર્યુષણ એકદમ સમીપ આવ્યા છે. શાંતિપ્રિય અને શિસ્તબદ્ધ જૈનો સંપૂર્ણ સલામત રીતે સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે તેમના ઉપાશ્રયમાં પ્રવચન સાંભળી શકે એ શક્ય છે, છતાં જો એના પર પ્રતિબંધ રહ્યો તો પ્રવચન દ્વારા થતી ધાર્મિક પ્રેરણાઓથી જે કરોડો રૂપિયા વિવિધ વસ્તુઓ અને સેવાઓ દ્વારા માર્કેટમાં ફરતા થયા હતા, માળીઓ, પૂજા-સામાનના વિક્રેતાઓ, ઘર શણગારનારાઓ, લ્હાણીમાં અપાતી અઢળક અઢળક વસ્તુઓના વેપારીઓ, વચેટિયાઓ, ઉત્પાદકો, માલની હેરાફેરી કરનારાઓ, સાકર/ગોળ વગેરેના પડા વગેરે વેંચનારાઓ આ બધા આવકના સાધનો જે આ ધાર્મિક પ્રેરણાઓથી ઊભા થતા હતા, તે બધું જ પડી ભાંગશે. આ સમયે વરઘોડાઓ બંધ અને ડિસ્ટન્સ સાથે પ્રવચન ચાલુ - આવો વચલો રસ્તો કાઢી લાખો લોકોને રોજગારો પૂરા પાડી આપવા એ જ સમયની માંગ છે અને સમજણભર્યું પગલું છે. (હા, રેડ ઝોનમાં બધું જ બંધ હોય એમાં કશું ખોટું નથી.)

✳

**આ વખતે જૈનોના પૈસા જૈનોના જ ખિસ્સામાં રહેશે**

## હવે અમારે અમારું ઘર શણગારવાનું ને રોવાનું રહ્યું : ડેકોરેશનવાળા

**પર્યુષણ બંધ એટલે અબજોનું નુકશાન**

પર્યુષણ બંધ-ની જાહેરાતના પગલે ધીમે ધીમે આર્થિક નુકશાનોની વણઝારો બહાર આવી રહી છે. જૈન સમાજનો નાનો માણસ હોય કે મોટો. આ દિવસોને એ દિવાળીની જેમ જુએ છે. માટે જ જુદી જુદી અઢળક માર્કેટોમાં આ દિવસોની પહેલા કે પછી ભારે આવકનો અવકાશ રહે છે.

પર્યુષણમાં પ્રવચનની પહેલા કે પછી લ્હાણી થતી હોય છે. તથા પ્રતિક્રમણ પછી પણ લ્હાણી થતી હોય છે. જેને પ્રભાવના કહેવામાં આવે છે. ભાવનાશીલ હજારો જૈનો પ્રભાવનાસ્વરૂપે- પુસ્તક, નોટબુક, બટવો, રોકડ રકમ, મિઠાઈ, હાથરૂમાલ વગેરેથી માંડીને ગોળનો રવો, સાકરના પડા, ખડી સાકરના પેકેટ, ખાદ્ય ગુંદરના પેકેટ, કટલરીની દુકાનમાં મળતી અગણિત આઈટમો અને અન્ય પણ અઢળક ગિફ્ટોમાંથી પોતાને ગમે અને પરવડે એવી વસ્તુઓને ૨૦૦-૫૦૦-૧૦૦૦-૧૫૦૦ ની સંખ્યામાં ખરીદે છે ને પછી તે ભેટ સ્વરૂપે આપે છે. આમ પ્રવચન અને પ્રતિક્રમણ આ બંને દ્વારા કરોડો રૂપિયા માર્કેટમાં આવે છે અને અર્થતંત્ર સાબૂત રહે છે.

પર્યુષણમાં નાનામાં નાનો જૈન પણ ધર્મભાવનાથી વિશેષ ખર્ચ કરે છે. એ આ દિવસોમાં ખાસ દેરાસર જાય છે. માળી પાસેથી વિશેષ સંખ્યામાં ફૂલો લે છે. આંબાવાડી (અમદાવાદ) ના વિજયભાઈનું કહેવું છે કે 'આ માળીની ચિંતા કોણ કરશે ? હું એની પાસેથી ફૂલ લઈશ તો એને દશ/વીશ રૂપિયા આપીશ. હું એના ઘરે એને દશ/વીશ રૂપિયા આપવા થોડો જવાનો હતો ?'

શું એ માળીએ હવે ભીખ માંગવી કે વગર કોરોનાએ મરી જવું ? એવું જ ડેકોરેશનવાળાનું પણ છે. અમદાવાદમાં ન્યૂ વાસણા એરિયામાં રહેતા કુણાલભાઈનું કહેવું છે કે, 'ગયા વર્ષે મારે તપસ્યા હતી, તો ઘર શણગારવાનું હતું. ડેકોરેશનવાળાને ૧૧ હજાર રૂપિયા આપ્યા હતા. મારા કઝીનને ત્યાં પણ તપસ્યા હતી, તેણે ઘર શણગારવાના ૧૬ હજાર રૂપિયા ડેકોરેશનવાળાને આપ્યા હતા.'

હવે વિચાર કરો, આ દિવસોમાં જૈનોના ઘરે ઘરે તપસ્યા હોય છે. આઠ દિવસના આઠ ઉપવાસ કરવા તો લાખો જૈનો તલપાપડ હોય છે, તો એ નિમિત્તે થતી લ્હાણીની ખરીદી. ઘર-શણગાર વગેરે વગેરેથી કરોડો રૂપિયા નાના-મોટા વેપારીઓ અને શ્રમિકોના ખિસ્સા સુધી પહોંચતા હોય એ કેટલું સહજ છે.

હવે ખરો સવાલ ને ખરો પડકાર કોરોનાનો નથી, અર્થતંત્રને બેઠું કરવાનો છે. આર્થિક નુકશાનના કારણો ધરી ધરીને ઉદ્યોગપતિઓ, મલ્ટીનેશનલ કંપનીઓ અને મોટા માથાઓએ પોતપોતાની વ્યવસાયિક પ્રવૃત્તિઓ ફરી ધમધમતી કરી દીધી. જેમાં થિયેટર-માલિકોથી માંડીને દારૂની દુકાનવાળા સુદ્ધા સામેલ છે. માળીઓ, શણગારવાળાઓ ને નાના નાના અસંખ્ય વેપારીઓને આર્થિક નુકશાન નથી થતું એવું નથી. આ બધાને થતા કુલ નુકશાનનો આંકડો અબજોને આંબે તેવો છે. પણ તેમની કમનસીબી એટલી જ છે કે તેઓ મોટા માથાઓની જેમ અવાજ ઉઠાવી શકે ને ઉપર સુધી પહોંચાડી શકે, એવી તેમની પહોંચ નથી.

ખરો કોરોના આ છે, જેને રોકવામાં નહીં આવે તો એ અઢળક આપઘાતો, અપોષણ જનિત શારીરિક રોગો, ચિંતાજનિત માનસિક રોગો, તદ્દન અસલામત વ્યસનખોરી અને ભયંકર ગુનાખોરીમાં પરિણમવાનો છે. લોકડાઉનનો મૂળ ઉદ્દેશ્ય જો જાહેર જનતાના હિતનો જ હોય તો તેમાં આ બધા મુદ્દાને ગંભીરપણે વિચારવા જરૂરી છે. ને જો આપણી નીતિ આર્થિક નુકશાનને જોયા-વિચાર્યા વિના 'બંધ' પાળવાની જ હોય, તો ફરીથી આખું ભારત 'બંધ' કરી દેવું જોઈએ.

પ્રવચન અને પ્રતિક્રમણ આ બંને સોશિયલ ડિસ્ટન્સ જાળવીને સેનિટાઇઝર, માસ્ક વગેરેના ઉપયોગ સાથે સંપૂર્ણ સલામતપણે થઈ શકે છે. બધા બજારો ખોલી દીધા છે, તો આ બજાર પરનો પ્રતિબંધ પણ વિના વિલંબે ઉઠાવી લેવા જેવો છે.

✳

## સમાજ નહીં + ધર્મ નહીં = અર્થતંત્ર નહીં

સમાજ અને ધર્મ એ અર્થતંત્રના અવિભાજ્ય અંગો છે. લોકડાઉન પછીના પિરિયડમાં આપણા દેશની નીતિ એ બની કે ગમે તે ભોગે અર્થતંત્ર બેઠું થવું જોઈએ. આ નીતિના રસ્તે બધા બજારો ખોલી દીધા.

હરવું-ફરવું, માલની હેર-ફેર કરવી એ બધું જ કાયદેસર થઈ ગયું. સિનેમાગૃહો ને દારૂની દુકાનો સુદ્ધા ખુલી ગયા. ફક્ત સામાજિક અને ધાર્મિક બાબતોને લોકડાઉનની જેલમાં પૂરેલી રાખવામાં આવી, એની પાછળ એક જ તર્ક હતો કે તે બાબતોને અર્થતંત્ર સાથે કોઈ જ સંબંધ નથી, પણ આ તર્ક ખોટો છે.

સામાજિક અને ધાર્મિક બાબતો અર્થતંત્ર સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. એક લગ્ન થાય એટલે શરણાઈ-ઢોલવાળા, બેન્ડવાળા, કેટરર્સવાળા, કુક્સ, વેઈટર્સ, ટ્રાન્સપોર્ટેશનવાળા, તે તે મનોરંજન પ્રસ્તુત કરવાવાળા, ગોર મહારાજો, વાડી/હોલવાળા, લગ્ન-ચોરીના સામાનવાળા, કપડાની દુકાનવાળા, સિલાઈ કરવાવાળા, ઘરેણાની દુકાનવાળા, સંગીત-સંધ્યાવાળા વગેરે વગેરે સેંકડો કે હજારો જણને સીધો કે આડકતરો આર્થિક લાભ થાય છે. જે ૫૦ જણના લગ્નસમારંભમાં શક્ય નથી.

તેમ પર્યુષણ જેવી ધાર્મિક બાબત સાથે પણ તે તે પૂજા-સામગ્રીવાળા, લ્હાણીની વસ્તુના નાના-મોટા અગણિત વેપારીઓ, તપસ્યા અને પારણામાં ખાસ ઉપયોગી થતા બામ-ચંદનતેલ-ચંદનકાષ્ઠ-ગુલાબજળ-આયુર્વેદિક - અણાહારી ઔષધો-મગ-કેર-સૂંઠ-પિંપરામૂળ-ગુંદર-વિવિધ મિઠાઈઓ-ફરસાણો-ફળો-વિવિધ ઉકાળાઓ-ઉષ્ણ પેયોની સામગ્રીઓના વેચાણ-કર્તાઓ, ટેમ્પલ ડેકોરેટર્સ, હોમ ડેકોરેટર્સ, રંગોળી કર્તાઓ, સુરક્ષા-કર્મીઓ, ખાસ પ્રકારના વસ્ત્રોના વેપારીઓ, પૂજા-જોડના વેપારીઓ, પૂજન ભણાવનારા પંડિતો, પ્રોફેશનલ સંગીતકારો, વિવિધ વાદ્ય વાદકો વગેરે વગેરે હજારો લોકો અને આડકતરી રીતે લાખો લોકો જોડાયેલા હોય છે. જેમને માટે પર્યુષણ એ ખાસ આવકનું સાધન બની રહેતા હોય છે.

પહેલા બધું જ બંધ હતું. કોરોના નાબૂદ ન થયો હોવા છતાં અર્થતંત્ર ખોરવાઈ ન જવું જોઈએ, એ તર્ક સાથે બજારો ખોલી દેવાયા. સામાજિક અને ધાર્મિક બાબતો આર્થિક દૃષ્ટિએ બિનજરૂરી છે, એમ સમજીને તેમના પરનો પ્રતિબંધ ન ઉઠાવાયો, હવે જ્યારે આપણે સ્પષ્ટ

જોઈ રહ્યા છીએ કે આ બાબતો પણ લાખો લોકોની જીવાદોરી છે, તો આપણું કર્તવ્ય શું થાય છે ?

એવું પણ નથી કે તે તે ડેકોરેટર્સ વગેરે દિવાળીમાં ફટાકડા-વેંચાણની જેમ સિઝનલ-સ્વરૂપે જ સામાજિક કે ધાર્મિક બાબતોથી કમાણી કરતા હોય છે. હકીકતમાં તેમની પાસે વૈકલ્પિક આવકના સાધનો હોતા જ નથી. બારે માસ તે તે પૂજાપાના સામાનવાળા, ફૂલવાળા વગેરે તે તે ધંધાથી જ પોતાનું ઘર ચલાવતા હોય છે. એ જ એમની જીવાદોરી હોય છે. તો સામાજિક અને ધાર્મિક બાબતો પર પ્રતિબંધનો સીધો અર્થ એ છે કે તે લાખો માણસોની જીવાદોરી પર પ્રતિબંધ છે, તો શું તેઓએ મરી જવું ?

એકબાજુ દેશમાં બેકારીનો પ્રશ્ન હદ વટાવી રહ્યો છે, સરકાર નવા રોજગારોને પેદા કરવા માટે ફાંફા મારી રહી છે. જો આ પ્રશ્ન હલ ન થયો તો એના પડઘારૂપે દેશને અઢળક યક્ષપ્રશ્નો મળી રહેવાના છે, એ સમયે આવી-લાખો રોજગારોને નાબૂદ કરી દેવાની-નીતિમાં કઈ સમજદારી છે ?

આર્થિક દૃષ્ટિએ જોઈએ તો પર્યુષણ જેવો તહેવાર પણ એક વિરાટ બજાર જ છે. જો જૈનો તેમની પ્રવચન અને પ્રતિક્રમણની ધાર્મિક ક્રિયાને તદ્દન સલામત રીતે-થર્મલ સ્કેનર-સેનીટાઈઝર, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે કરવા સમર્થ હોય, અને પર્યુષણ પરના પ્રતિબંધથી લાખો બિન-જૈનોને ભારે આર્થિક નુકશાન ઉપરોક્ત રીતે ઉઠાવવું પડતું હોય અને 'બધાનાં રોજગારો પાછા અપાયા, પણ અમારા છિનવાયા,' - આવી આઘાતની લાગણી તેઓ અનુભવતા હોય, તો વહેલામાં વહેલી તકે આ પ્રતિબંધ ઉઠાવી લેવો જોઈએ.

✻

# પર્યુષણ-પ્રવચન પરના પ્રતિબંધથી થશે વધુ અબજો રૂપિયાનું નુકશાન

પર્યુષણ મહાપર્વમાં બહુ જ મહત્ત્વની સાધના જે કરાતી હોય છે, તે છે જિનવાણી શ્રવણ. ગુરુ ભગવંત પાટ પર બેસીને અષ્ટાહ્નિકા પોથી અને કલ્પસૂત્ર પોથીનું વાંચન કરે અને સૌ સાંભળે. આ એક જ સાધના બીજી ઘણી બધી સાધનામાં લોકોને સહજ રીતે જોડે છે.

પ્રવચનશ્રવણથી લોકો તપસ્યામાં જોડાય છે. એક-બે ઉપવાસથી માંડીને આઠ-નવ-અગિયાર-સોળ-એકવીશ કે ત્રીશ જેટલા નકોરડા ઉપવાસો જૈનો કરે છે. જેમાં આઠ કે તેથી વધુ ઉપવાસોના પારણે ઘરનો શણગાર, આમંત્રણ પત્રિકા, ખાસ વસ્ત્રો, ખાસ મહેમાનગતિ વગેરેમાં પાંચ હજારથી માંડીને દોઢ-બે લાખ સુધીનો ખર્ચો કરે છે. જે પારણું કરાવવા આવે તેમને વિશિષ્ટ ગિફ્ટની લ્હાણી થતી હોય છે. આવી દર વર્ષે હજારો મોટી તપસ્યાઓ થાય છે. જેનાથી કરોડો રૂપિયા માર્કેટમાં ફરતા થાય છે. ખાસ કરીને નાના નાના વેપારીઓ અને શ્રમિકોને સારો લાભ થતો હોય છે.

પ્રવચન શ્રવણથી વાર્ષિક કર્તવ્યરૂપે દેરાસરોમાં મહાપૂજાઓ થતી હોય છે. એક દેરાસરમાં મહાપૂજા થાય એટલે ૫૦,૦૦૦ રૂ. થી માંડીને ૨,૦૦,૦૦૦ રૂ. સુધીનો ખર્ચ થાય છે. જેમાં મોટા ભાગના રૂપિયા માળીઓના ખિસ્સામાં, શણગાર સામગ્રીવાળા નાના નાના વેપારીઓના ખિસ્સામાં અને ભાડાના સામાન આપવા વાળાના ખિસ્સામાં જતા હોય છે. બચ્ચા તે જે માણસો ડેકોરેશન કરવા આવે તે - શ્રમિકોના ખિસ્સામાં જતા હોય છે. આમ મહાપૂજાથી પણ કરોડો રૂપિયાના રોજગારો ઉપલબ્ધ થતા હોય છે.

પ્રવચનશ્રવણતી જૈનો અનુકંપાદાન એટલે કે કરુણાદાનમાં જોડાતા હોય છે. જેમાં સ્લમ એરિયા-ઝૂંપડપટ્ટી-મધ્યમવર્ગીય અને તેમનાથી પણ

નીચલા વર્ગના ઘરોમાં મિઠાઈ વિતરણ, વસ્ત્રવિતરણ, સ્ટેશનરી વિતરણ, અનાજ-કીટ વિતરણ વગેરે થતું હોય છે. જો કે આમાં વળતરરૂપે કશું જ લેવાનું હોતું નથી, સિવાય દુવાઓ, પણ આનાથી બે આર્થિક ફાયદા છે. ગરીબોને કરોડો રૂપિયાની સહાય મળી જાય છે અને તે તે વસ્તુની ખરીદીના કારણે માર્કેટમાં પણ કરોડો રૂપિયા આવે છે.

પ્રવચનશ્રવણથી જૈનો ક્ષમાપનાનો મહિમા સમજે છે. પર્યુષણ એ મિચ્છામિ દુક્કડમ્ દ્વારા દિલ સાફ રાખવાનું પર્વ બને છે. માટે જ જૈનો કોઈ પણ કોમી હુલ્લડો, રાજકીય તોફાનો, દેશવિરુદ્ધ કે સરકારવિરુદ્ધ કાર્યોમાં જોડાતા નથી. કોર્ટ અને પોલિસ સ્ટેશનોનો ભાર ઓછો થાય છે. જૈનોના સંપર્કમાં આવનારા લોકો પણ ધીમે ધીમે શાંતિપ્રિય અને સહનશીલ બને છે. પરિણામે દેશમાં કરોડો-અબજો રૂપિયાનું નુકશાન થતું અટકી જાય છે.

પ્રવચન-શ્રવણથી જૈનોની સંવેદનશીલતા જીવતી રહે છે. આ લોકડાઉનનું જ ઉદાહરણ જોઈએ તો એક અંદાજ મુજબ ફક્ત અમદાવાદમાં જ જુદી જુદી જૈન સંસ્થાઓ અને વ્યક્તિઓએ કુલ ૫૦ લાખ પ્લેટ જેટલું જમણ વિવિધ ખીચડી ઘરો અને ફુડ પેકેટ્સ દ્વારા પૂરું પાડ્યું હતું. તેના મૂળમાં પ્રવચનશ્રવણથી ઉદ્ભવતી સદ્ભાવના હોય છે.

આ રીતે અબજો રૂપિયાનું બજાર અને અબજો રૂપિયાનું સહાય-ફંડ પ્રવચન-શ્રવણને આભારી હોય છે. હાલ આ બહુજ મહત્ત્વની વસ્તુ સરકારી પ્રતિબંધના કારણે બંધ છે જેનાથી દેશને વધુ અબજોનું નુકશાન સહન કરવું પડશે અને ગરીબોને મળતી સહાય પર પણ એની ગંભીર અસર પડશે. પ્રવચનશ્રવણ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને બહુ જ સરળતાથી કરી શકાય છે. તો પર્યુષણના દિવસોમાં સરકાર આ પ્રતિબંધ ઉઠાવી લે એ આર્થિક મંદીને દૂર કરવા માટે ઉપયોગી અને જરૂરી ઉપાય બની રહેશે.

બજારમાં આપણે જોઈએ છીએ કે ડિસ્ટન્સિંગ જળવાતું નથી, કદાચ

શક્ય પણ નથી. છતાં આર્થિક કારણોસર બજાર ખુલ્લા જ રખાય છે. તો પ્રવચનશ્રવણ સાથે તો મજબૂત આર્થિક કારણો પણ જોડાયેલા છે ને એમાં સોશિયલ ડિસ્ટન્સ પણ ડેફિનેટલી જાળવી શકાય છે, તો પછી એના પર પ્રતિબંધ રાખવો ને અબજોની વધુ નુકશાની વહોરી લેવી એ પગલું ખૂબ જ વિચાર માંગી લે તેવું છે.

✺

## पर्युषण यानि जैनों का महापर्व और बिन-जैनों का रोजगार पर्व

अनलोक के इस पिरियड़ में भी धर्म पर का लोकडाउन अभी तक हटा नहीं है । हम देखते रहे है कि मार्केट में सोशियल डिस्टन्स जैसी कोई चीज नहीं है, लोग एकदम करीब करीब खड़े रहते है या पास होते है । होटेल के दृश्यो में कोरोना गाइडलाइन के कोई लक्षण दिखाइ नहीं दे रहे हैं । थियेटर्स और जिम भी लोकडाउन की जेल से छूट गये है, पर धर्म अभी भी 'अंदर' है ।

सद्‌गुन एवं संस्कारदायक प्रवचन हम सोशियल डिस्टन्स के साथ भी सुने, तो भी वह गुनाह है, यतः उससे किसी को रोजगार नहीं मिलता, डिस्टन्स पर बैठकर प्रतिक्रमण करना भी अपराध है, यतः उससे किसी को रोजी नहीं मिल रही, देरासर में जाकर पूजाविधि करनी यह भी क्राइम है, क्यो कि उसके द्वारा कोई टेक्स-आय नहीं होती ।

धर्म बिलकुल बिन-उत्पादक एवं निरुपयोगी है इस बेझ पर धर्म की अभी तक मुक्ति नहीं हुइ है, पर यह बेझ सरासर गलत है । प्रत्येक देरासर अपने निर्माण से लगाकर निभावन तक हजारो परिवारों को रोजी दे चूका होता है, सोमपुरा, मजदूर, कार्यकर, रूपकाम करनेवाले कलाकार, लोडिंग-अनलोडिंग करनेवाले श्रमिक, खान में काम करनेवाले लेबर्स, स्टोन मर्चन्ट्स वगैरह वगैरह से लगाकर पूजारी, दूधवाले,

फूलवालें, धूपवाले, अगरबत्तीवाले, दीपकवाले, फल बेचनेवाले, नैवेद्यवाले, शृंगार-सामग्री बेचनेवाले, पूजापाठ करने वाले, पूजन करानेवाले, संगीतमय प्रभुभक्ति करानेवाले, देरासर व प्रवचन हॉल में आने-जाने का ट्रान्सपोर्टेशन करानेवाले रिक्षावाले, प्रवचन में सबको कुछ न कुछ गिफ्ट देने के लिये विविध दुकानवाले - इन सब का निर्वाह देरासर से होता है ।

वास्तव में एक ऑफिस या एक दुकान जितनों को रोजगार देती है, उससे कइ गुना ज्यादा लोगों को एक देरासर रोजगार देता है ।

उसमें भी यदि वो देरासर तीर्थस्थान का हो, तो क्यां कहना ? जैनों का ही एक तीर्थ ले लिजिये - पालीताना । पालीताना गाँव को जबरदस्त सीटी बनानेवाला और हजारो लोगों को प्रतिदिन रोजी देनेवाला भी यह तीर्थ था । तो आस-पास के सो गाँवो का निर्वाह भी इसी तीर्थ की बजह से आसानी से हो रहा था । आज शराब की दुकाने भी खुली है, जिससे पहले तो टेक्स मिलता है, पर बाद में करोड़ो की हानि होती है । इस के सामने 'धर्म' कितना सुरक्षित रोजगार देता है, फिर भी इसे न समझ पाने से हम लाखों के पेट पर लात मार रहे है । और करोड़ो करोड़ो की नुकसानी कर रहे है ।

जैन समाज शांतिप्रिय और शिस्तप्रिय है । सोशियल डिस्टन्सिंग के साथ वह पर्युषण महापर्व की आराधन करने के लिये सक्षम है ।

कोरोना में तो भारत में मृत्यु अंक स्पष्टतया नीचे गया है । भारत की समस्या कोरोना नहीं, लोकडाउन है । जिस में किसी को एक रूपया भी न मिले ऐसी इद की नमाज जो पढ़ सकते है, तो लाखों की रोजी के इस रोजगार पर्व को बंध रखने में कोई समजदारी नहीं है ।

✺

# બધું જ રુપિયાથી માપવા જતા છેવટે રુપિયાએ જ માર ખાવો પડશે : સમાજવિજ્ઞાનીઓ

નિષ્ણાતોના એક અંદાજ પ્રમાણે કોરોનાથી જેટલા મૃત્યુ થયા એમ કહેવાય છે, એ મૃત્યુના ૧/૩ મૃત્યુ કોરોનાના ડરથી થયા છે. ૧/૩ મૃત્યુ બીજા રોગોથી થયા છે. જે રોગોને કોરોનાએ વધુ ઉથલાવ્યા હતા, અને ૧/૩ મૃત્યુ ભેદી કારણોસર થયા છે. જેમાં કોરોનાનો કોઈ જ કસૂર ન હતો.

અમદાવાદ-શાંતિવન વિસ્તારમાં રહેતા નિલેશભાઈનું કહેવું છે કે એમના બનેવીને ટેસ્ટીંગમાં કોરોના આવ્યો. હોસ્પિટલમાં એડમિટ કરાયા. બે દિવસ પછી ટેસ્ટ કરાતા રિપોર્ટ નેગેટીવ આવ્યો. તેમના વાઈફે ડિસ્ચાર્જ માંગતા ડોક્ટરે એક દિવસ વધુ રહેવા કહ્યું. પરિવારથી વિખૂટા પડેલા, મિડિયાની ભયાનક અસર હેઠળ ડરેલા ને માસ્કથી ગૂંગળાયેલા એ બનેવીને એ જ દિવસે એટેક આવી ગયો ને એ ઓફ થઈ ગયા. એ એટલા નીરોગી હતા કે ૩૮ વર્ષની એમની આ ઉંમર સુધી કદી દવાખાને ન'તા ગયા.

એક કાલ્પનિક સત્ય ઘટના છે. શહેરની બહાર નીકળતા એક માણસને એક રાક્ષસ સામે મળ્યો. એ જોતો રહી ગયો, એનું નામ પૂછ્યું, એણે જવાબ આપ્યો, 'મારું નામ પ્લેગ છે.' 'તમે આ શહેરમાં જાઓ છો ?' 'હા, હું આ શહેરમાં જઈને માણસોનો ભોગ લઈશ.' 'કેટલાનો ભોગ લેશો ?' 'પાંચ હજારનો.'

એ માણસ જોતો રહી ગયો. પ્લેગ ફેલાયો. ટપોટપ લોકો મરવા લાગ્યા. એક લાખ માણસ મરી ગયા. છેવટે એ રાક્ષસ શહેરની બહાર નીકળ્યો. જોગાનુજોગ એ માણસ એને સામો મળ્યો. એણે પૂછ્યું. 'તું તો ૫ હજારને મારવાની વાત કરતો હતો ને ?' આ તો લાખ માણસ મરી ગયું.' રાક્ષસે કહ્યું, 'મેં તો ૫ હજારને માર્યા છે, બાકીના મારા ડરથી મરી ગયા.'

સમાજવિજ્ઞાનીઓનું કહેવું છે કે કોરોનાની બાબતમાં પણ આવું બન્યું છે. છેલ્લા ચાર-સાડા ચાર મહિનાથી માણસ સતત જ એક જ શબ્દની ડરાવણી બિહામણી અસર હેઠળ છે. ચારે બાજુથી એને ડર સિવાય કશું મળ્યું નથી. સાવચેતી જરૂરી હોય છે, પણ માણસ એટલી હદે સાવચેત બન્યો કે એ સાવ જ સંકુચિત બની ગયો. ભાઈ ભાઈ ન રહ્યો, મિત્ર મિત્ર ન રહ્યો. બીમાર સ્વજન-સંબંધીને હૂંફ આપવા જેટલી માનવતા પણ એ ચૂક્યો. સામાજિક અને ધાર્મિક નિમિત્તો માણસની માણસાઈને અને એના ખુશમિજાજને જીવતો રાખવામાં મોટો ભાગ ભજવતા હતા એ નિમિત્તો એની પાસેથી  ઝૂંટવી લેવાયા. પરિણામે ધીમે ધીમે માણસનો સ્વભાવ ચીડિયો અને સ્વાર્થી થઈ ગયો. જો આ પરિસ્થિતિ સામે વિવેકપૂર્વક નિર્ણય ન લેવાયો, તો ભારતીય જનતામાં માનસિક રોગો, હૃદયરોગ અને અપરાધવૃત્તિનું પરિણામ ભયજનક રીતે વધશે.

એક જૈન ધર્મનો જ દાખલો લઈએ તો હજારો વર્ષોથી આ ધર્મના અનુયાયીઓ નિયમિત ઉપાશ્રયે જઈને વ્યાખ્યાનનો લાભ લેતા હતા. જેમાં ચોવીશ તીર્થંકરો અને વિશેષથી ભગવાન મહાવીરની વાણી સાંભળવામાં આવતી હતી. આના કારણે જૈનોમાં દયા, પ્રેમ, કરુણા અને પરોપકારના ગુણો ખૂબ વિકસ્યા. આ સમાજ પ્રમાણમાં વધુ સહિષ્ણુ બન્યો. માટે જ આપણે જોઇ શકીએ છીએ કે દેશની કોઈ પણ આપત્તિમાં - ચાહે ભૂકંપ હોય, ત્સુનામી હોય, પૂર હોય કે દુકાળ હોય. જૈનો તન-મન-ધનથી સહાય કર્યા વિના રહેતા નથી હોતા. લોકડાઉનની જ ઘટના જોઈએ તો જેમની વસતિ કુલ વસતિના ૧ % જેટલી પણ નથી એ જૈનોએ કુલ કરોડો ડીશ જેટલું ભોજન ગરીબો અને શ્રમિકોને પૂરું પાડ્યું હતું.

'વ્યાખ્યાન' થી આર્થિક કોઈ જ લાભ નથી- આવી ગેરસમજથી બધું ખોલી દેવા છતાં વ્યાખ્યાનનો પ્રતિબંધ હજી ઉઠ્યો નથી. બજારમાં અડવા-અથડાવા-ભીંસાવાની છૂટ છે. છૂટ્ટા છૂટ્ટા બેસીને ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા પર પ્રતિબંધ છે. આનું કારણ એટલું જ છે કે 'આ પણ એક જીવનજરૂરિયાત હોય છે. અને એક અપેક્ષાએ વધુ

મોટી જરૂરિયાત હોય છે. જેનાથી માણસ સ્વયં સ્વસ્થ અને પ્રસન્ન રહે છે અને આજુ-બાજુની જનતાને પણ સ્વસ્થ અને પ્રસન્ન રાખી શકે છે.' આ સત્ય આપણે સમજી શક્યા નથી. સમાજજીવન ઉથલશે એટલે અર્થતંત્ર ઉથલવાનું જ છે. બધું જ રૂપિયાથી માપવા જતા છેવટે રૂપિયાને જ માર ખાવો પડે છે - સમાજવિજ્ઞાનીઓની આ ચેતવણીને ધ્યાનમાં લેવાનો આ અવસર છે.

✳

## ❖ ઉપાશ્રયની બહાર સૂચનો ❖

ઉપાશ્રય સમય-સમય પર કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા અપાતી તમામ આરોગ્ય સંબંધિત માર્ગદર્શિકા/એસઓપી/સૂચનાનું પાલન કરશે.

૧. પ્રવેશદ્વાર પર હાથની સ્વચ્છતા (સેનિટાઈઝર ડિસ્પેન્સર) અને ફરજિયાત થર્મલ સ્કીનિંગ રહેશે. પરિસરમાં ફકત અસમપ્રમાણ (asymptomatic) વ્યક્તિઓની મંજૂરી છે.

૨. પરિસરમાં દરેક સમયે ચહેરાના કવર/માસ્કનો ઉપયોગ ફરજિયાત છે.

૩. ભક્તોએ વ્યવસ્થાપનનું કડક રીતે પાલન કરવું જરૂરી છે. ૨ વ્યક્તિઓ વચ્ચે ૬ ફૂટના અંતર સાથે પરિસરમાં પ્રવેશ કરવો અને બહાર નીકળવું.

૪. ૬૫ વર્ષથી ઉપરના લોકો, સહ-રોગવિષયક વ્યક્તિઓ, ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને સગર્ભા સ્ત્રીઓએ પરિસરમાં/ઉપાશ્રયમાં પ્રવેશવાની સખત પ્રતિબંધ રહેશે.

૫. પગરખા પોતાના વાહનની અંદર રાખવા જો જરૂર હોય તો ઉપાશ્રયમાં તે વ્યક્તિઓ દ્વારા પ્રત્યેક વ્યક્તિ/કુટુંબ માટે અલગ સ્લોટ રાખવી જોઈએ.

૬. ભક્તો માટે અલગ પ્રવેશ અને બહાર નીકળવાની જગ્યા નિશ્ચિત કરેલ છે. જેનું સખત રીતે પાલન કરવું જરૂરી છે.

૭. ઉપાશ્રય ફલોર વ્યક્તિ દીઠ + ચોરસ મીટરના ક્ષેત્રમાં અને ૨ વ્યક્તિઓ વચ્ચે ૬ ફૂટના અંતરમાં વહેંચાયેલું છે. ચિહ્નિત વિસ્તારની બહાર, કોઈ પણ સંજોગોમાં કોઈ પણ વ્યક્તિને ઉભા રહેવા અથવા બેસવા દેવામાં આવશે નહીં.

૮. બધા ભક્તોએ તેમનું પોતાનું કટાસણુ અને સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગ કરવા માટે જરૂરી અન્ય આવશ્યકતાઓ લાવવી.

૯. સિક્યોરીટી મેનની સૂચનાઓનું દરેક સમયે પાલન કરવું જરૂરી છે.

**આ લેખોને વર્તમાન પત્રોએ જે રીતે લીધા તેની ઝલક**

સિટી

AHMEDABAD

## પ્રવચન, શ્રવણ અને પ્રતિક્રમણની મંજૂરી માટે માગણી

# પર્યુષણ બંધથી હજારો માળીઓ, વિક્રેતાઓ, શ્રમિકોને ભારે ફટકો

## ફક્ત ૮ દિવસની મંજૂરી મળે તો લાખો લોકોને રોજગારી મળે

| અમદાવાદ |

કોરોનાના રોગચાળાને કારણે લોકડાઉનને પગલે હોટેલોથી માંડીને તમામ વેપાર-ધંધાને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. લોકડાઉન પછી હોટેલો, સિનેમાગૃહો વગેરે ઉદ્યોગ-ધંધા ખૂલતા ગયા હોવા છતાં પર્યુષણને ફક્ત ધાર્મિક મુદ્દો સમજીને મંજૂરી નહીં આપવાને પગલે જૈન સમાજે પર્યુષણ બંધની જાહેરાત કરી છે. આને કારણે જેમના માટે પર્યુષણમાં કમાણી કરવાની સિઝન હતી તેવા લાખો અજૈનો, હજારો માળીઓ, વિક્રેતાઓ અને શ્રમિકોને ભારે ફટકો પડ્યો છે. અમદાવાદમાં નાના-મોટા 1,000થી વધુ જૈન દેરાસર આવેલા છે અને તે માટે ફૂલ વેચનારા માળી પરિવારોની આવક બંધ થઈ જવાથી તેઓ આર્થિક ભીંસમાં મુકાયા છે. પૂજારીઓ, દેરાસરમાં પૂરાવાતા ફળ, નૈવેદ્ય, ધૂપ, અગરબત્તી, શણગાર-સામગ્રી વેચનાર વિક્રેતાઓ, શણગાર કરનાર શ્રમિકો, તપસ્યા, પારણાને લગતા ભોજન સામગ્રીના વિક્રેતા, વ્યવસ્થા માટે નીમાતા સિક્યુરિટીના માણસો, પ્રવચન અને પ્રતિક્રમણ પછી અપાતી પ્રભાવના લહાણીના વિક્રેતાઓ, રંગોળી કરનારા કલાકારો, દેરાસરમાં ભક્તિમય સંગીત પીરસનારા સંગીતકારો, શરણાઈ- નગારા વગાડનારાઓ, વગેરેની રોજગારી છીનવાઈ ગઈ છે અને તેઓ ભારે આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. વરઘોડા સિવાય ફક્ત આઠ દિવસ માટે પ્રવચન, શ્રવણ અને પ્રતિક્રમણ-પાપો ધોવાની સાધના માટે મંજૂરી આપવા જૈન સમુદાયે માગણી કરી હતી. સંપૂર્ણ સલામતી સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવીને આ કાર્યક્રમોની મંજૂરી અપાય તો લાખો અજૈનોને નુકસાનીથી બચાવી શકાય.

# પર્યુષણ-પ્રવચન પરના પ્રતિબંધથી થશે વધુ અબજો રૂપિયાનું નુકશાન

પર્યુષણ મહાપર્વમાં બહુજ મહત્વની સાધના જે કરાતી હોય છે, તે છે જિનવાણી શ્રવણ ગુરૂ ભગવંત પાટ પર બેસીને અષ્ટાહ્નિકા પોથી અને કલ્પસૂત્ર પોથીનું વાંચન કરે અને સૌ સાંભળે. આ એક જ સાધના બીજી ઘણી બધી સાધનામાં લોકોને સહજ રીતે જોડે છે. પ્રવચનશ્રવણથી લોકો તપસ્યામાં જોડાય છે, એક-બે ઉપવાસથી માંડીને આઠ-નવ-અગિયાર-સોળ-એકવીશ કે ત્રીસ જેટલા નકોરડા ઉપવાસો જૈનો કરે છે. જેમાં આઠ કે તેથી વધુ ઉપવાસોના પારણે ઘરનો શણગાર, આમંત્રણ પત્રિકા, ખાસ વસ્ત્રો, ખાસ મહેમાનગતિ વગેરેમાં પાંચ હજારથી માંડીને દોઢ-બે લાખ સુધીનો ખર્ચો કરે છે. જે પારણું કરાવવા આવે તેમને વિશિષ્ટ ગિફ્ટની લ્હાણી થતી હોય છે. આવી દર વર્ષે હજારો મોટી તપસ્યાઓ થાય છે. જેનાથી કરોડો રૂપિયા માર્કેટમાં ફરતા થાય છે. ખાસ કરીને નાના નાના વેપારીઓ અને શ્રમિકોને સારો લાભ થતો હોય છે.

પ્રવચન શ્રવણથી વાર્ષિક કર્તવ્યરૂપે દેરાસરોમાં મહાપૂજાઓ થતી હોય છે. એક દેરાસરમાં મહાપૂજા થાય એટલે ૫૦ હજારથી માંડીને ૨ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. જેમાં મોટા ભાગના રૂપીયા માળીઓના ખિસ્સામાં, શણગાર સામગ્રીવાળા નાના નાના વેપારીઓના ખિસ્સામાં અને ભાડાના સામાન આપવાવાળાના ખિસ્સામાં જતા હોય છે. બચ્યા તે જે માણસો ડેકોરેશન કરવા આવે તે શ્રમિકોના ખિસ્સામાં જતા હોય છે. આમ મહાપૂજાથી પણ કરોડો રૂપિયાના રોજગારો ઉપલબ્ધ થતા હોય છે. પ્રવચન શ્રવણથી જૈનો અનુકંપાદાન એટલે કે કરૂણાદાનમાં જોડાતા હોય છે. જેમાં સ્લમ એરિયા - ઝુંપડપટ્ટી - મધ્યમવર્ગીય અને તેમનાથી પણ નીચલા વર્ગના ઘરોમાં મિઠાઈ વિતરણ, વસ્ત્ર વિતરણ, સ્ટેશનરી વિતરણ, અનાજ-કીટ વિતરણ વગેરે થતુ હોય છે. જો કે આમાં વળતરૂપે કશુ જ લેવાનું હોતુ નથી સિવાય દુવાઓ પણ આનાથી બે આર્થિક ફાયદા છે - ગરીબોને કરોડો રૂપિયાની સહાય મળી જાય છે અને તે વસ્તુની ખરીદીના કારણે માર્કેટમાં પણ કરોડો રૂપિયા આવે છે.

પર્યુષણ એ મિચ્છામી દુક્કડમ દ્વારા દિલ સાફ રાખવાનું પર્વ બને છે માટે જ જૈનો કોઈ પણ કોમી હુલ્લડો, રાજકીય તોફાનો, દેશ વિરૂદ્ધ કે સરકાર વિરૂદ્ધ કાર્યોમાં જોડાતા નથી. કોર્ટ અને પોલીસ સ્ટેશનનો ભાર ઓછો થાય છે. જૈનોના સંપર્કમાં આવનારા લોકો પણ ધીમે ધીમે શાંતિપ્રિય અને સહનશીલ બને છે. પરિણામે દેશમાં કરોડો-અબજો રૂપિયાનું નુકશાન થતુ અટકી જાય છે.

**ગાંધીનગર સમાચાર**
**તા.૯/૮/૨૦**

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ (૬)

## શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તરફથી...

તારીખ ૯-૮-૨૦૨૦ તિથિ શ્રાવણ વદ [illegible] સ્થળ બોરીવલી (ચંદાવરકર રોડ)

વિનયાદિગુણોપેત આચાર્ય / પંન્યાસ / મુનિરાજશ્રી અનુવંદના,
સુખશાતામાં હશો. દેવ-ગુરુ કૃપાથી અહીં સુખશાતામાં છીએ.

## <u>પર્યુષણ મહાપર્વની આરાધના માટે માર્ગદર્શન</u>

સુશ્રાવકોને, ટ્રસ્ટીઓને, શ્રીસંઘને ધર્મલાભ !

વરસોથી શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના સકળ શ્રીસંઘ પૂજ્ય ગુરુભગવંતોની પાવન નિશ્રામાં રહી એમના સ્વમુખે શ્રી જિનવાણી સ્વરૂપ શ્રી અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રનું શ્રવણ અને પ્રતિક્રમણ વગેરે આરાધનાઓ કરતો આવ્યો છે અને ભવિષ્યમાં પણ કરતો રહેશે.

દર વર્ષ કરતા અલગ આ વર્ષે કોરોના મહામારીના ઉપદ્રવના કારણે બદલાયેલા સંયોગોમાં સરકારની અનલોક-૩ની ગાઈડલાઈન્સ, ગુજરાત સરકારના તા. ૦૮/૦૮/૨૦ ના પરિપત્ર, ગુજરાત H.C.ના નિરીક્ષણો તથા કોર્પોરેશનના પરિપત્રો આદિને ધ્યાનમાં રાખીને પર્યુષણની આરાધનાને જાળવવાના પ્રયાસરૂપે માત્ર આ વર્ષ પૂરતી આ અપવાદિક વિચારણા કરીને શ્રી સંઘોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.

૧). પ્રવચન આદિ માટે લોકો ભેગા થાય તે હાલના સંયોગો જોતા શક્ય અને ઉચિત જણાતું નથી. તેથી પર્યુષણ દરમ્યાન રોજ બે-ત્રણ સામાયિકમાં પર્યુષણના વિષયોને લાગતું, મહાવીરસ્વામી ભગવાનના જીવનને લગતું સાહિત્ય વાંચે.

૨). અષ્ટાહ્નિકા-કલ્પસૂત્રના પ્રવચનો દર વર્ષ માફક થઈ શકે તેમ ન હોવાથી કલ્પસૂત્ર-બારસાસૂત્રને લગતા ચડાવા બોલવાની પરિસ્થિતિ જણાતી નથી. મુમુક્ષુ અથવા ટ્રસ્ટીમંડળ વિગેરે દ્વારા કલ્પસૂત્ર, બારસાસૂત્રની પ્રતિકાત્મક પૂજા વિગેરે કરાવી શકાય. તે માટે યોગ્ય નકરા રાખી શકાય.

૩). ચૌદ સ્વપ્ન-અષ્ટમંગલના દર્શનાદિ દર વરસની જેમ આ વરસે શક્ય ન હોવાથી ટ્રસ્ટી મંડળ-કમિટિના સભ્યોએ ઉપાશ્રયમાં બિરાજમાન મહાત્મા(જો હોય તો) સાથે સંકલન કરીને મહાત્મા સાથે રહેલ મુમુક્ષુ વિ... દ્વારા યોગ્ય રીતે પ્રતિકાત્મક વિધિ કરાવી શકાય. તે માટે નકરા રાખી શકાય.

પત્રવ્યવહાર : પ.પૂ.ગ.આ.ભ. શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.
C/o, Shaileshbhai Parekh,
Shailesh Parekh, 163, Narayan Dhuru Street,
3rd Floor, Office No. 30, Mumbai - 400 003.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ

## શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તરફથી...

(૨)

૪). જન્મ વાંચનના દિવસે કલ્પસૂત્રમાં આવતા જન્મવાંચનના ગુજરાતી અનુવાદવાળા પાનાઓ કાર્યકરો દ્વારા સંઘના સર્વ સભ્યોને પહોંચાડી શકાય. બધાને એક ચોક્કસ સમય આપી દેવાય, તે સમયે દરેકે પોતાના ઘરે પરિવાર સાથે મળી પરિવારના મોભી/વડીલો અથવા જે વ્યવસ્થિત વાંચન કરી શકે તેમ હોય તેઓ જન્મવાંચન દ્વારા પ્રભુ જન્મની ઉદ્‌ઘોષણા કરે અને પછી તરત બાકીના સભ્યો થાળી-ડંકા-ઘંટનાદ કરી પ્રભુ જન્મની ઉજવણી કરી શકે. આ રીતે ઘેર ઘેર પ્રભુ જન્મની ઉજવણી થાય.

૫). જિનાલયમાં અષ્ટપ્રકારી પૂજાના ચડાવા જો બોલાતા હોય તો વાર્ષિક ખર્ચ અથવા તેથી થોડી વધારે રકમના નકરા રાખીને અથવા ચડાવાથી આદેશ આપી શકાય. તે માટે ઉચિત વ્યવસ્થા થાય.

૬). નકરા / ચડાવાની વિગત, પદ્ધતિ-સમય વગેરેની અગાઉથી શ્રીસંઘના સભ્યોને જાણ કરવી.

૭). કોઈ પણ પરંપરાગત આદેશ કે નકરા આપવામાં આવક ઓછી થાય / ન થાય તે શક્ય છે પણ ચડાવાનું માધ્યમ બદલવું નહીં. એટલે કે તપસ્યા, સામાયિકાદિ નવા માધ્યમથી ચડાવા આપવા નહીં.

૮). પારણા-સ્વામિવાત્સલ્યનો કાયમી આદેશ અપાયેલ હોય તો પારણાના લાભાર્થી પરિવાર તરફથી સંઘ દ્વારા તે રકમમાંથી તપસ્વીઓને પ્રભાવના પર્યુષણ બાદ આપી શકાય. સમૂહ પારણા આદિ હાલ શક્ય નથી. પર્યુષણ બાદ ચૈત્યપરીપાટી, વરઘોડો હાલ કરી શકાય તેમ ન હોવાથી ન રાખવા. આગળ ઉપર તેનો વિચાર થઈ શકે. સ્વામિવાત્સલ્યની રકમમાંથી શક્ય હોય તો દરેકને 'ભાર' આપી શકાય અથવા તે રકમ સાધારણ ખાતે જમા કરી શકાય.

૯). સંઘના સાધારણ ખાતા-પાઠશાળા-આયંબિલ શાળા-જીવદયા વગેરે ખાતામાં દર વર્ષે જે ટીપ થતી હોય તે મુજબ ઉદારતાથી સહુએ લખાવી દેવું જોઈએ અથવા એક ફોર્મ બનાવીને સંઘના દરેક સભ્યને આપવું તેમાં ખાતાના નામ તથા તેમાં સભ્યની ગયા વર્ષની રકમ લખેલી હોય અને તેની બાજુના ખાલી ખાનામાં આ વર્ષ માટેની પોતાની રકમ ભરીને સહુએ ફોર્મ પેઢી ઉપર

પત્રવ્યવહાર : પ.પૂ.ગ.આ.ભ. શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.
C/o. Shaileshbhai Parekh,
Shailesh Parekh, 163, Narayan Dhuru Street,
3rd Floor, Office No. 30, Mumbai - 400 003.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ

## શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તરફથી...

③

મોકલવાના રહે. સુખી-સંપન્ન શ્રાવકોને સંઘના ખાતા તરબતર કરવા ભલામણ.

૧૦). લોકડાઉન તથા આગળની પરિસ્થિતિનો અંદાજ લગાવતા આ વર્ષે સાધર્મિક ભક્તિના ક્ષેત્રે વિશેષ ધ્યાન આપવું યોગ્ય છે. જે સમયે જે ક્ષેત્રમાં વિશેષ જરૂર જણાય તે સમયે તે ક્ષેત્રમાં અપાયેલું દાન વિશેષફળ આપનાર બને છે. સુખી સંપન્ન વર્ગને આ વર્ષે અત્યંત જરૂરી આ ખાતા માટે ભાવપૂર્વક લાભ લેવા ભલામણ છે.

૧૧). સંવત્સરી વગેરે પ્રતિક્રમણ માટે વિકેન્દ્રિત વ્યવસ્થા વધુ ઉચિત જણાય છે. ભાઈઓને પ્રતિક્રમણ કરાવી શકે તેવા સૂત્રો-વિધિના જાણકાર ભાઈઓને તથા તે જ રીતે બહેનો દ્વારા બહેનોને પ્રતિક્રમણ કરાવવા મોકલવાની વ્યવસ્થા સંઘો દ્વારા થઈ શકે. જ્યાં કોઈ કરાવી શકે તેવી વ્યવસ્થા ન જ હોય ત્યાં સ્વયં પુસ્તકમાં જોઈને પ્રતિક્રમણ કરી શકે. ઓનલાઈન પ્રતિક્રમણ કરવા ઉચિત નથી. કોઈ કરાવનાર ન હોય તો પુસ્તકમાં જોઈને કરવા.

૧૨). પૌષધ ન થઈ શકે તો પોતપોતાના ઘરે બે પ્રતિક્રમણ + ૮ સામાયિક + એકાસણું કરીને દેસાવગાસિક કરી શકે.

૧૩). શ્રીસંઘની દરેક વ્યવસ્થામાં દરેકે સાથ-સહકાર આપવો. ધર્મસ્થાનમાં ભીડ ન થાય તેની સહુએ ખાસ કાળજી રાખવી. કદાચ કોઈ ક્ષેત્રમાં ગામમાં/જિલ્લામાં કોઈ કેસ ન હોય, વાતાવરણ સુરક્ષિત જણાય, સરકારી નિયમન પણ ન હોય તો ત્યાં પૂરતું યોગ્ય લાગે તે રીતે વિવેક બુદ્ધિથી આરાધના કરી-કરાવી શકાય છે.

૧૪). આ વ્યવસ્થા-માર્ગદર્શન આપત્કાલિન અપવાદરૂપ આ વર્ષ વિ.સં.૨૦૭૬ પૂરતું છે. કાયમ માટે નહીં જેની સહુએ નોંધ લેવી.

આ. રાજેન્દ્રસૂરિની અનુવંદના.
સંઘને ધર્મલાભ.

પત્રવ્યવહાર : પ.પૂ.ગ.આ.ભ. શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.
C/o. Shaileshbhai Parekh,
Shailesh Parekh, 163, Narayan Dhuru Street,
3rd Floor, Office No. 30, Mumbai - 400 003.

વિ.સં.૨૦૭૬ ના શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના
અને ધર્મદ્રવ્યની ઉપજ અંગે
-: શ્રી સંઘને માર્ગસ્થ માર્ગદર્શન :-

વિ.સં.૨૦૭૬, શ્રાવણ વદ-૫
બોરીવલી-મુંબઈ

દેવ-ગુરુ-ધર્માનુરાગી શ્રી સંઘો યોગ્ય ધર્મલાભ....

વર્તમાન સમયમાં જિનશાસનની અનેકવિધ આરાધનાઓમાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના અતિશય આનંદ અને ઉલ્લાસપૂર્વક દેશ-વિદેશમાં આરાધાય છે અને ઉજવાય છે.. વર્ષોવર્ષ ચઢતે પરિણામે આ મહાપર્વની આરાધના શ્રી સંઘમાં થતી આવી છે.

આ વર્ષે કોવિદ-૧૯ કોરોના મહામારીના કારણે દેશ-વિદેશમાં લોકડાઉન ની અભૂતપૂર્વ અસર ઉભી થઈ છે. જનજીવનની સાથે ધર્મસ્થાનો પણ તેની અસર હેઠળ આવી ગયા છે. આવા સંયોગોમાં ખૂબ નજીક પધારેલા શ્રી પર્યુષણા મહાપર્વ ને કેવી રીતે આવકારવા અને આરાધવા તેની મુંઝવણ શ્રી સંઘના પ્રત્યેક આરાધકોને સતાવી રહી છે. આરાધના માટેની આવી વિકટ સમસ્યા આવા વિકરાળ સ્વરૂપે આવી હોય તેવું સદીઓના ઈતિહાસમાં પ્રાયઃ પહેલીવાર બન્યું છે. આવા અવસરે સૌને મહાપર્વની આરાધના માટે અને શ્રી સંઘોને ધર્મદ્રવ્યની ઉપજ અને વૃદ્ધિ માટે શાસ્ત્રીય માર્ગદર્શન મળી રહે તે માટે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે.

-: આરાધના અંગે માર્ગદર્શન :-

૧) દરવખતે સકલ શ્રી સંઘની સામુહિક આરાધના થતી હતી તે આ વખતે સંક્રમણની આશંકા અને સરકારી નિયમોને ધ્યાનમાં લેતા સફળ બને તેવી નથી.

૨) શ્રી સંઘની સમુહ આરાધના શક્ય ન હોવા છતાં ચતુર્વિધ સંઘે આરાધના વિનાના રહેવાનું નથી. વ્યક્તિગત રીતે પણ યથાશક્ય આરાધના અવશ્ય કરવી જ.

3) દરેક ગામ-નગરોમાં ત્યાંના સંયોગ અને શક્યતા અનુસાર ઉપાશ્રયમાં પૂ. ગુરુભગવંતોની નિશ્રામાં ડિસ્ટન્સ જાળવીને જેટલા શ્રાવક-શ્રાવિકાઓને સરકારી નિયમ મુજબ સમાવી શકાય તે રીતે પ્રવચન-પ્રતિક્રમણની વ્યવસ્થા સંઘ તરફથી ગોઠવાય. દરરોજના એક-એક વ્યાખ્યાનના વારા ગોઠવીને પણ સંઘના દરેક આરાધકને છેવટે એક પ્રવચન અને પ્રતિક્રમણનો લાભ મળી શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવી શકાય. તે સિવાયના તમામ પ્રવચનો અને પ્રતિક્રમણો પોતપોતાના ઘર-બિલ્ડિંગ વગેરેમાં વ્યક્તિગત રીતે પ્રતમાંથી વાંચીને, સાંભળીને પણ પર્યુષણાનું કર્તવ્ય દરેક જૈનોએ પૂર્ણ કરવું...

૪) જેમની જેમની વ્યાખ્યાન વાંચવાની અને પ્રતિક્રમણ કરાવવાની શક્તિ હોય તેમણે પોતાની આ શક્તિનો ઉલ્લાસથી સદુપયોગ કરવો. આરાધના કરવા-કરાવવાનો લાભ ચૂકવો નહિ.

૫) શ્રાવક- શ્રાવિકાઓથી (સાધ્વીજીઓથી પણ) શ્રી કલ્પસૂત્રનું વાંચન કરી શકાય નહિ. તે અધિકાર માત્ર યોગવાહી પૂ. સાધુ ભગવંતોનો જ છે. શ્રાવકો આદિ વાંચી શકે તેવી પ્રત શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.ના શ્રી કલ્પસૂત્રના ઢાળિયાની છે આ ઢાળ અને એનું વિવેચન વાંચવાથી કલ્પસૂત્રની ઘણી ખરી વાતો સાંભળવા મળશે. સંવત્સરીના દિવસે પણ બારસાસૂત્રને બદલે આ જ ઢાળિયાઓનું એક સાથે વાંચન કરીને શ્રી બારસાસૂત્ર શ્રવણનું કર્તવ્ય આરાધવું...

૬) સન્માર્ગપ્રકાશન અને આત્મજાગૃતિ દ્વારા આ વર્ષે તાજેતરમાં જ પર્યુષણાની આરાધના માટેનો એક સંપુટ પ્રકાશિત થયો છે તેની હજારો નકલ શ્રાવકોના ઘરોમાં પહોંચી પણ છે. જેમની પાસે સ્થાનિક જ્ઞાનભંડારોમાંથી પણ ઢાળિયાની પ્રતો મળી આવી હોય તેઓ પણ તેના દ્વારા પોતાની મહાપર્વની આરાધના કરી શકે છે..

૭) ઓનલાઈન કે ટેલીવિઝન જેવા માધ્યમે પ્રવચનશ્રવણ- પ્રતિક્રમણાદિ કરવાની પ્રવૃત્તિ શાસ્ત્ર- અને સુવિહિત પરંપરા નિષિધ્ધ છે તેની ખાસ નોંધ લેવી..

-: વાર્ષિક ધર્મદ્રવ્ય ઉપજ અને વૃધ્ધિ અંગે માર્ગદર્શન :-

૧) સંઘમાં દરવર્ષે થતા સ્વામીવાત્સલ્ય, ચૈત્યપરિપાટી, લાડવા- શ્રીફળ આદિની પ્રભાવના વગેરે કાર્યો સામુહિક આરાધના ન થઈ શકવાથી આ વર્ષે શક્ય બનશે નહિ. જ્યાં એ માટેના આદેશો અપાઈ ગયા હોય ત્યાં ઘરદીઠ પ્રભાવનારૂપે આપી શકાય અથવા આ લાભ તે તે પુણ્યાત્માઓને આવતીસાલ માટે આપી શકાય. કદાચ કોઈની એ રીતે ભાવના ન હોય તો તેનો આગળ ચડાવો બોલીને આદેશ આપી શકાય..

૨) સંઘના વાર્ષિક ખર્ચને પહોંચી વળવા માટે જે જે ટીપો કાયમ થતી હોય તે ટીપોમાં ટ્રસ્ટીઓ અને સંઘના સક્રિય કાર્યકરો ગયા વર્ષની ટીપ મુજબ તે તે દાતાનો સંપર્ક કરી નવી ટીપ કરી શકે.

૩) ચડાવા બોલાવીને જેના આદેશો અપાતા હોય તેવા સર્વ સાધારણ- જિનભક્તિ સાધારણ કે અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીનો લાભ લેવા વગેરેના ચડાવા દિવાળી- નૂતનવર્ષ સમયે વાતાવરણ અનુકૂળ બને તો ત્યારે બોલાવી શકાશે..

૪) જન્મવાંચનના દિવસે સ્વપ્નના અને પારણાના ચડાવાથી દેવદ્રવ્યની વૃધ્ધિ કરવામાં આવે છે તે અવશ્ય કરવી જ. દરેક સંઘમાં તે તે ગામના વાતાવરણ અને લોકડાઉનના સંયોગો અનુસાર સંઘે તે માટેની વ્યવસ્થા ગોઠવવી જેમકે-

★ ૧૪ સ્વપ્નના ફક્ત ચૌદ ચડાવા કરવા. તેમાં એક સ્વપ્ન સંબંધી તમામ લાભ એક જ ચડાવાથી આપી શકાય..

દા.ત. એક સુપનના ચાર કે પાંચ ચડાવા બોલાતા હોય તો તે તમામ ચડાવાઓની ગયા વર્ષે જે ઉપજ થઈ હોય તેનો સરવાળો કરવો.. તે મુજબ દરેક સુપનના ચડાવાનો સરવાળો કરીને તે તે સુપનનો આંકડો લખવો. આથી લોકોને ખ્યાલ આવશે કે એક સુપનની આટલી ઉપજ

થઈ હતી. તે ઉપજને નજર સમક્ષ રાખીને આ વર્ષે જેને જે પણ બોલવા હોય તે રકમની ઓફર સંઘને જણાવે. તેમાં જેની રકમ સૌથી વધારે આવે તેને આ ચડાવાનો આદેશ આપી શકાય.

☆ આ રીતે પારણા અને શ્રી કલ્પસૂત્ર-બારસાસૂત્ર આદિ ચડાવાઓનો પણ આદેશ આપી શકાય.

☆ ચડાવા લેનાર લાભાર્થી પરિવારના ચાર-ચાર સભ્યો આવીને ચડાવાનો તે તે લાભ લઈ લે. આથી એકસાથે વધુ લોકો ભેગા ન થાય, વિધિ સચવાય, દેવદ્રવ્યની સમયોચિત વૃદ્ધિ થાય..

☆ આપત્તિકાળના કારણે આ રીતની વ્યવસ્થાઓ ગોઠવીને કાર્ય થઈ શકે છે.

☆ ઓનલાઈન ચડાવા કે લકી ડ્રો આદિની વ્યવસ્થા સંઘ તરફથી ગોઠવાય તે જરાય ઉચિત જણાતું નથી તેથી તેવો પ્રયત્ન કોઈ સંઘે કરવો નહિ.

-: અગત્યની વાત :-

→ ઉપરના દરેક માર્ગદર્શનમાં તે તે ગામોમાં જે સરકારી નિયમો હોય તેનો ભંગ ન થાય તે રીતે અમલ કરવાનું ભૂલાય નહિ..

○ પર્વાધિરાજને શક્તિ-સંયોગાનુસાર સુપેરે આરાધી તમો સૌ વહેલીતકે પરમપદને પામો એ જ અંતરંગ શુભાભિલાષા..

— વિજય પુણ્યપાલસૂરિ

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,
ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮.૦૮.૨૦૨૦.

**હુકમઃ**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૯.૦૭.૨૦૨૦ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) અન્વયે ગૃહ વિભાગના તા.૩૧.૦૭.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી સમગ્ર રાજ્યમાં તા.૨૯.૦૭.૨૦૨૦ના ગૃહ મંત્રાલયના હુકમ સાથેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તદુપરાંત ધાર્મિક સ્થાનો અને પૂજાના સ્થળો સંબંધમાં કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ SOPને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા તા.૦૭/૦૬/૨૦૨૦ના હુકમથી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

૨. આગામી તા.૧૨.૦૮.૨૦૨૦ના રોજ જનમાષ્ટમી, તા.૧૫.૦૮.૨૦૨૦ થી તા.૨૧.૦૮.૨૦૨૦ દરમિયાન પર્યુષણ, તા.૨૧.૦૮.૨૦૨૦ થી તા.૨૪.૦૮.૨૦૨૦ દરમિયાન તરણેતરનો મેળો, તા.૨૨.૦૮.૨૦૨૦ થી તા.૦૧.૦૯.૨૦૨૦ દરમિયાન ગણેશ મહોત્સવ, તા.૨૮.૦૮.૨૦૨૦ થી તા.૨૯.૦૮.૨૦૨૦ દરમિયાન રામાપીરનો મેળો, તા.૨૭.૦૮.૨૦૨૦થી તા.૦૨.૦૯.૨૦૨૦ દરમિયાન ભાદરવી પૂનમનો મેળો, તા.૨૯.૦૮.૨૦૨૦ થી તા.૩૦.૦૮.૨૦૨૦ દરમિયાન મહોરમના તહેવારની ઉજવણી થનાર છે.

૩. રાજ્યમાં હાલની કોરોના મહામારીની સ્થિતી લક્ષમાં લેતાં આગામી ધાર્મિક તહેવારો દરમિયાન ધાર્મિક તહેવારોની જાહેરમાં ઉજવણી, શોભાયાત્રા, મેળાઓ, પગપાળા યાત્રાઓ, પદયાત્રિકો માટેના સેવા કેમ્પો, તાજીયાના જુલુસ તથા વિસર્જન યાત્રા/ સરઘસ તથા શોભાયાત્રા જેવી પ્રવૃત્તિઓ કે જેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાની તથા તેના કારણે સોશિયલ ડિસ્ટન્સીંગનો ભંગ થવાની તથા કોરોનાનું સંક્રમણ વધવાની શક્યતા રહેલ છે. જેથી જાહેર આરોગ્યની જાળવણી અર્થે ઉપરોકત તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવા રાજ્ય સરકારે નિર્ણય લીધેલ છે.

૪. જેના અમલીકરણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી તથા અન્ય વિસ્તારમાં સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ પરમાર)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પ.સ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

C:\Users\ADMIN\Desktop\UNLOCK- 3.0\RELIGIOUS SOP FOR FESTIVAL.docx

॥अर्हम्॥

તરફથી

જિનશાસનના ઝવાહર મુખ્યમંત્રી શ્રીવિજયભાઈ રૂપાણી યોગ્ય
ધર્મલાભ,

આપશ્રી કુશળ-મંગળ હશો.

લાખો જૈનો વતી એક આઘાતભરી વેદના
આપશ્રીની સમક્ષ રજુ કરી રહ્યો છું.

લોકડાઉનના કપરા સમયમાં જૈનો સરકારની પડખે રહ્યા.
ગરીબો અને શ્રમિકોને કુલ કરોડો ડીશ ભોજન
મુખ્ય શહેરોમાં અને અઢળક ગામોમાં પુરું પાડ્યુ.
પોલિસ-સ્ટાફ, મ્યુનિસિપલ-સ્ટાફ, સફાઈ-સ્ટાફ,
ડોક્ટર-સ્ટાફ, નર્સ-સ્ટાફ, રેલ્વે-સ્ટાફ વગેરે વગેરેની ય
ભોજન-પાણી-નાસ્તા-સેફ્ટી દવાઓ અને સાધનો વગેરે દ્વારા
લાગણીભરી સેવા કરી.

સરકારી ફંડમાં પણ નાના-મોટા જૈનોએ
કુલ કરોડો રૂપિયાનું અનુદાન આપ્યું.
તો ક્વોરન્ટાઈન માટે અઢળક ઉપાશ્રયો અને જૈન ધર્મશાળાઓ
પ્રેમથી સમર્પિત કરી દીધા.

આજે એ જ જૈનો બજાર, જીમ, થિયેટર વગેરેને
અને કતલખાના સુદ્ધાને ચાલુ થઈ ગયેલા જોઈ રહ્યા છે.

બજારમાં એવા દ્દશ્યો સુલભ છે જેમાં બિલકુલ ડિસ્ટન્સ જળવાતું નથી.
અને જેમાં ડિસ્ટન્સ બરાબર જાળવી શકાય છે
તેવી પ્રવચન અને પ્રતિક્રમણની સંપૂર્ણ સલામત ક્રિયા માટે
જૈનો દુઃખી હૈયે સરકારશ્રીની ગાઈડલાઈનની રાહ જોઈ જોઈને
આઘાત અનુભવી રહ્યા છે.

આપશ્રી સ્વયં શાસનસંવેદનાથી ધબકતું હૃદય ધરાવો છો.
આપશ્રી એટલી જ નિષેધમુખ ગાઈડલાઈન આપો કે
આ પર્યુષણમાં વરઘોડા વગેરે પર સંપૂર્ણ પ્રતિબંધ,
ફક્ત ઉપાશ્રય/હોલના અંદર સોશિયલ ડિસ્ટન્સ સાથે
પ્રવચન અને પ્રતિક્રમણની જ છૂટ. બાકી બધું બંધ.
તો આપશ્રી અન્ય સમાજોને પણ પ્રિય થશો
અને જૈનોની પણ લાખ લાખ દુવાઓ મળશે.

ખરેખર ખૂબ મોડું થયું છે. પર્યુષણ માથે આવી ગયા છે.
આપશ્રી જેવા મહાન મુખ્યમંત્રી મળ્યા પછી
વધુ કહેવું સારું લાગતું નથી.

ધર્મલાભ.

શ્રાવણ વદ ૩, આંબાવાડી

|| શ્રી વાસુપૂજ્ય સ્વામી નમઃ ||
જૈનમ્ જયતિ શાસનમ્

✆ : ૨૬૭૬૭૦૦૨

# શ્રી આંબાવાડી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ

ટ્રસ્ટ રજી. નં. એ-૨૩૪૮, અમદાવાદ

સર્વપલ્લવી ડૉ.રાધાકૃષ્ણન રોડ, ટાગોર પાર્ક પાસે,
નહેરૂનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

તા. : - -૨૦૧

---

To,

The Chief Minster Sh Vijay Rupaniji

Gandhinagar, Gujarat

Ref: **Notification No. V-1/KAV/102020/482 dated 08.08.2020**

Subject: **Jain community accepts to abide by all rules and regulations prescribed by Government relating to Covid-19**

Respected Sir,

We, the jain community appreciate the steps taken by state government to avoid congregation of large number of people during the times of festivals that were supposed to be celebrated in the month of August by various communities. We respect and will completely follow the decision taken by state government in this pandemic situation. Considering the fact that religious function remains prohibited in public places, any type

of celebration would not be done by jain community including sangh swamivatsalya, Varghodo, Chaitya Pariparti etc.

Further, from bare reading of the notification it is evident that such restrictions are rightly made to curb the celebration of religious festivals and not to stop any daily rituals. Some of the Jain rituals play everyday part in Jainism. Daily activities like Samayik Yog and Pratikraman Yog are to be performed by every Jain. Paryushan, being the most important festival of Jain Religion stands for the celebration of spiritual awareness of soul. Every age group follows the daily rituals with utmost faith. **Yoga, activity of similar nature is allowed in MHA unlock 3 order** with effect from 05.08.2020. It is to be noted that, just like yoga and meditation, where people used to come with their own yoga mat, in the activity of samayik yog and pratikraman yog also, jain people used to come with aasan (known as 'katasanu'). Also samayik yog and pratikraman yog is performed with different poses similar to yogasans and after such yog, devotees feels easy and relaxed more mentally and also physically.

**Pratikraman yog:**

The soul, in its pure form, has infinite perception, infinite knowledge, infinite vigor, and is non-attached. These attributes are not seen in a worldly soul because it is soiled with karmas. By following religious principles and pious activities, we overcome our

karmas and uplift our souls to the liberation. There are various kinds of religious activities, sometimes called the rituals, and among them the pratikraman yog is one of the most important ritual. During pratikraman yog we repent for our non-meritorious activities on a daily basis. We realize our mistakes and ask for the forgiveness, which helps us to minimize the intensity of the karmas as well as it helps to get rid of the karmic bondage. Pratikraman yog is a combination of six avshyakas (essential rituals). They are:

Samayik – a state of equanimity

Chauvisantho – worshipping the twenty-four Tirthankars

Vandana – offering salutations to the sadhus (monks) and the sadhvis (nuns)

Pratikraman – realizing what we have done wrong and annotating on it

Kayotsagga – meditation of the soul


Pratyakhyan – renunciation


**Samayik yog:**

In the samayik yog, jains stay in equanimity for forty-eight minutes. During samayik yog not only performer give up all the worldly affairs, but also stay away from attachment and aversion. This activity helps to pacify ones passions and desires. To get ready for the samayik yog, jains put on simple, clean white clothes, and occupy a quiet place. While in the samayik yog, they recite the Navkar Mantra, read scriptures, perform


meditation, hear vyakhyan etc. It directly encourages to lead to the life of a sadhu or sadhvi.

**The below poses, performed during samayik yog and pratikraman yog clearly depict that these are type of Yoga only.**







**Further, in all the procedure followed there is no human contact with any other person for even fraction of second. Accordingly, there is no indiscipline or disrespecting or un-following the notification issued by the State Government.**

The place where this yogas and meditation are performed is called upashray. Uapshray is a big/spacious place where Jain monks (sadhus and sadhvis) stay/reside and perform worship which is also visited by devotees for performing daily activities like Guru vandan, Samayik yog (includes lecture on religion) and Pratikraman yog. In exceptional circumstances, where the place of upashray is relatively smaller, jain community is used to arrange nearby big size hall or open space, so that the social distancing norms can be strictly followed. After following strict social distancing norms, wearing of masks, use of sanitizers, etc, activities like samyik yog and pratikraman yog can be performed observing SOP issued by the State Government.

While performing Samayik Yog or Pratikraman Yog, no person is required to come in close contact with each other. Accordingly, even after maintaining social distancing, these rituals can be performed at ease without any inconvenience or

discomfort to the other person. In view of the same, following the guidelines of MHA, Samyik Yog and Pratikraman Yog can be arranged in such a way that the devotees can sit at the distance of 6ft so as to maintain social distancing and perform the yogas.

**Accordingly, keeping in mind the guidelines issued by the government on Preventive Measures to Contain Spread of COVID-19 for yoga institutes, upasharyas can arrange for samyik yog and pratikraman yog as follows:**

- All Upashray shall comply with all health-related guideline/SOP/notification issued by the Union/State Government from time to time.
- Persons above 65 years of age, persons with co-morbidities, pregnant women and children below the age of 10 years are strictly prohibited to enter the premises/ upashray.
- The generic preventive measures include simple public health measures that are to be followed to reduce the risk of COVID-19. These measures will be strictly observed by all (devotees, visitors & staff) in these places at all times. These include:

i. Entrance to have mandatory hand hygiene (sanitizer dispenser) and thermal screening provisions;

ii. Only asymptomatic persons (including staff) be allowed in the premises;

iii. All persons to be allowed entry only if using face cover/masks;

iv. Individuals must maintain a minimum distance of 6 feet during the entry/exit as well as at the time of performing samayik yog or pratikraman yog;

v. Upashray's floor area would be divided in such a way that area of $4m^2$ per person can be allotted. Calculate the maximum capacity based on redesigned spaces, display such capacity at front of the place and in no circumstances, any single person in excess of such capacity is allowed inside the place;

vi. Specific pathways for entering and exiting the place to be followed;

vii. Queue management, inside and outside the premises, with specific markings on the floor with a gap of 6 feet;

viii. Shoes is not allowed inside the premises

At the end, we once again ensure the Government that all external activities will not be conducted during the period of paryushan and activities which take soul to the spiritual wellbeing like religious yoga as stated above will only be performed. Anticipating all the support from the Government to allow us to perform religious yogas in peaceful manner, we pray for the best wishes to the Government in all the efforts to curtail the spread of Corona virus.

**Date: 13/08/2020**

**Place: Ahmedabad**

Yours Truly,

ઠોર, શ્રી આંબાવાડી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ

પ્રમુખ/ઉપ પ્રમુખ

P.A. Shah

સેક્રેટરી/ટ્રેઝરર

**Drafted by: Hardik V. Vora, Advocate, Gujarat High Court**
**A/1207, Ratnaakar Nine Square, Opp. Keshavbaugh Party Plot, Satellite, Ahmedabad – 380015**
hardik@hardikvora.com; **079-48480999; 9998966233**

# ગુજરાતી અનુવાદ

પ્રતિ,

મુખ્ય મંત્રી શ્રી વિજય રૂપાણીજી

ગાંધીનગર, ગુજરાત

સંદર્ભ: સૂચના નંબર વી -૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તારીખ ૦૮.૦૮.૨૦૨૦

વિષય: જૈન સમુદાય સરકાર દ્વારા **Covid -19** ના લગતા બધા નિયમોનુ પાલન કરવાનુ સ્વીકારે છે

આદરણીય સાહેબ,

અમે જૈન સમુદાય, ઓગસ્ટ મહિનામાં ઉજવાતા તહેવારોના સમયમાં મોટી સંખ્યામાં લોકોનો મેળાવડો ટાળવા માટે રાજ્ય સરકારે લીધેલા પગલાની પ્રશંસા કરીએ છીએ. રાજ્ય સરકાર દ્વારા આ રોગચાળાની પરિસ્થિતિમાં લીધેલા નિર્ણયનો અમે આદર કરીએ છીએ અને તેનું પાલન કરવા માટે કટિબદ્ધ છીએ. જાહેર સ્થળોએ ધાર્મિક ઉજવણી પર પ્રતિબંધ રહે તે હકીકતને ધ્યાનમાં લેતા, સંઘ સ્વામીવત્સલ્ય, વરઘોડો, ચૈત્ય પરિપાર્ટી વગેરે સહિત કોઈપણ પ્રકારની ઉજવણી જૈન સમુદાય દ્વારા કરવામાં નહીં આવે.

વધુમાં, સૂચનાના વાંચનથી સ્પષ્ટ થાય છે કે આવા પ્રતિબંધો ધાર્મિક તહેવારોની ઉજવણીને રોકવા માટે કરવામાં આવ્યા છે અને કોઈપણ દૈનિક ધાર્મિક વિધિઓ પર પ્રતિબંધ કરવામાં આવ્યો નથી. કેટલીક જૈન ધાર્મિક વિધિઓ જૈન ધર્મમાં રોજિંદા ભાગ ભજવે છે . સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગ જેવી દૈનિક પ્રવૃત્તિઓ દરેક જૈન દ્વારા કરવામાં આવે છે. પર્યુષણ, જૈન ધર્મનો સૌથી મહત્વપૂર્ણ તહેવાર હોવાથી આત્માની આધ્યાત્મિક જાગૃતિની ઉજવણી છે. દરેક વય જૂથ દૈનિક ધાર્મિક વિધિઓને સંપૂર્ણ શ્રદ્ધાથી અનુસરે છે. **યોગ પ્રવૃત્તિને એમએચએ અનલોક 3 ઓર્ડર** દ્વારા ૦૫.૦૮.૨૦૨૦ થી મંજૂરી આપવામાં આવી છે. નોંધનીય છે કે, યોગ અને ધ્યાનની

જેમ, જ્યાં લોકો તેમની પોતાની યોગ મેટ સાથે આવતા, સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગની પ્રવૃત્તિમાં પણ, જૈન લોકો આસન ('કટાસનુ' તરીકે ઓળખાતા) સાથે આવે છે. સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગ, યોગાસન જેવા જ વિવિધ પોઝ સાથે કરવામાં આવે છે અને આવા યોગ પછી, ભક્તો માનસિક અને શારીરિક રીતે વધુ સરળ અને હળવા થાય છે.

**પ્રતિક્રમણ યોગ :**

આત્મા, તેના શુદ્ધ સ્વરૂપમાં, અનંત દ્રષ્ટિ છે, અનંત જ્ઞાન છે, અનંત ઉત્સાહ છે, અને તે કશા સાથે જોડાયેલ નથી. આ ગુણ સાંસારિક આત્મામાં જોવા મળતા નથી કારણ કે તે કર્મોથી ભરેલું છે. ધાર્મિક સિદ્ધાંતો અને પવિત્ર પ્રવૃત્તિઓનું પાલન કરીને, આપણે આપણા કર્મોમાંથી બહાર નીકળીએ છીએ અને આપણો આત્મા મુક્તિ તરફ આગળ વધે છે. વિવિધ પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓ છે, જેને કેટલીક વાર ધાર્મિક વિધિઓ કહેવામાં આવે છે, અને તે પૈકી પ્રતિક્રમણ યોગ સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક વિધિ છે. પ્રતિક્રમણ યોગ દરમિયાન આપણે દૈનિક ધોરણે આપણી ખોટીપ્રવૃત્તિઓ માટે પસ્તાવો કરીએ છીએ. આપણે આપણી ભૂલોનો અહેસાસ કરીએ છીએ અને ક્ષમા માંગીએ છીએ, જે આપણને કર્મોની તીવ્રતા ઘટાડવામાં મદદ કરે છે સાથે જ તે કર્મના બંધનમાંથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. પ્રતિક્રમણ યોગ છ આવશ્યક (જરૂરી વિધિ) ના સંયોજન છે. તેઓ છે:

સામાયિક - સમાનતાની સ્થિતિ

ચૌવિસંથો - ચોવીસ તીર્થંકરોની પૂજા કરવી

વંદના - સાધુઓ અને સાધ્વીઓ ને વંદન

પ્રતિક્રમણ - આપણે શું ખોટું કર્યું છે તેની અનુભૂતિ કરી અને તેના પર ટિપ્પણી કરવી


કાયોત્સગ્ગ - આત્માનું ધ્યાન


પ્રત્યાખ્યાન - ત્યાગ


## સામાયિક યોગ :

સામાયિક યોગમાં, જૈન અડતાલીસ મિનિટ સુધી રહે છે. સામાયિક યોગ દરમિયાન ભક્તો માત્ર સાંસારિક બાબતોનો ત્યાગ જ નહીં કરે, પણ જોડાણ અને અણગમોથી પણ દૂર રહે છે. આ પ્રવૃત્તિ ભક્તો જુસ્સા અને ઇચ્છાઓને શાંત કરવામાં મદદ કરે છે. સામાયિક યોગ માટે જૈનો સરળ, સ્વચ્છ સફેદ કપડાં પહેરી શાંત સ્થાને બેસે છે.સામાયિક યોગમાં તેઓ નવકાર મંત્રનો પાઠ કરે છે, શાસ્ત્રો વાંચે છે, ધ્યાન કરે છે, વ્યાખ્યાન સાંભળે છે . તે સાધુ અથવા સાધ્વીના જીવન તરફ દોરી જવા સીધા પ્રોત્સાહિત કરે છે.

**સામયિક યોગ અને પ્રતિક્રમણ યોગ દરમિયાન કરવામાં આવેલા નીચે આપેલા ચિત્રો સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ફક્ત યોગના પ્રકાર છે.**








**જણાવવામાં આવેલી બધી પ્રક્રિયામાં કોઈ પણ બીજા વ્યક્તિ સાથે કોઈ પણ પ્રકારનો માનવ સંપર્ક નથી. તદનુસાર, રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ કોઈ પણ જાહેરનામાં નો અનાદર અથવા ભંગ થાય એવું નથી.**

જ્યાં આ યોગો અને ધ્યાન કરવામાં આવે છે તેને ઉપાશ્રય કહે છે. ઉપાશ્રય એ એક મોટું / વિશિષ્ટ સ્થાન છે જ્યાં જૈન સાધુઓ અથવા સાધ્વીઓ રહે છે અને પૂજા કરે છે અને જ્યાં ભક્તો ગુરુ વંદન, વ્યાખ્યાન (ધર્મ વિષય ) અને પ્રતિક્રમણ જેવી દૈનિક પ્રવૃત્તિઓ કરવા માટે મુલાકાત લે છે. અપવાદરૂપ સંજોગોમાં, જ્યાં ઉપાશ્રયમાં જગ્યા પ્રમાણમાં ઓછી હોય છે, ત્યાં જૈન સમુદાય નજીકના મોટા કદના હોલ અથવા ખુલ્લી જગ્યાની વ્યવસ્થા કરવાની બાહેધરી આપે છે , જેથી સામાજિક અંતરનાં ધોરણો કડક રીતે અનુસરી શકાય. રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા એસઓપીનું નિરીક્ષણ કરીને કડક સામાજિક અંતરનાં ધારાધોરણો, માસ્ક પહેરીને, સેનિટાઇઝરોનો ઉપયોગ, વગેરે પછી, સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગ જેવી પ્રવૃત્તિઓ કરી શકાય છે.

સામાયિક યોગ અથવા પ્રતિક્રમણ યોગ કરતી વખતે, કોઈ પણ વ્યક્તિએ એકબીજા સાથે સંપર્કમાં આવવું જરૂરી નથી. તદનુસાર, સામાજિક અંતર જાળવી રાખ્યા પછી પણ, આ ધાર્મિક વિધિઓ અન્ય વ્યક્તિને કોઈ

અસુવિધા અથવા અગવડતા વિના સરળતાપૂર્વક કરી શકાય છે.એને ધ્યાનમાં રાખીને, એમએચએની માર્ગદર્શિકાને અનુસરીને, સામ્યિક યોગ અને પ્રતિક્રમણ યોગની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવી શકે છે કે ભક્તો 6 ફૂટના અંતરે બેસી શકે જેથી સામાજિક અંતર જાળવી શકાય અને યોગો કરવામાં આવે.

**તદનુસાર, યોગ સંસ્થાઓ માટે નિવારક પગલાં અંગે સરકાર દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને, ઉપાશ્રયો સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગ માટેની વ્યવસ્થા નીચે મુજબ કરી શકે છે.**

- બધા ઉપાશ્રય સમય-સમય પર કેન્દ્ર / રાજ્ય સરકાર દ્વારા અપાતી તમામ આરોગ્ય સંબંધિત માર્ગદર્શિકા / એસઓપી / સૂચનાનું પાલન કરશે.
- 65 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ, સહ-રોગોવાળા વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને 10 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પરિસરમાં / ઉપાશ્રયમાં પ્રવેશવાની સખત પ્રતિબંધ રહેશે.
- સામાન્ય નિવારક પગલાંમાં COVID-19 ના જોખમને ઘટાડવા માટે સરળ જાહેર આરોગ્યનાં પગલાં શામેલ છે. આ સ્થળોએ (ભક્તો, મુલાકાતીઓ અને કર્મચારીઓ) દ્વારા આ પગલાં સખત રીતે અવલોકન કરવામાં આવશે. આમાં શામેલ છે:
  i. ફરજિયાત હાથની સ્વચ્છતા (સેનિટાઇઝર ડિસ્પેન્સર) અને થર્મલ સ્ક્રીનીંગ જોગવાઈઓનો પ્રવેશ;
  ii. પરિસરમાં ફક્ત અસમપ્રમાણ વ્યક્તિઓ ( સ્ટાફ સહિત) ની મંજૂરી છે;
  iii. ચહેરાના કવર / માસ્કનો ઉપયોગ કરીને જ બધા લોકોને પ્રવેશની મંજૂરી આપવામાં આવશે;

iv. પ્રવેશ / બહાર નીકળતી વખતે તેમજ સમાયિક યોગ અથવા પ્રતિક્રમણ યોગ કરતી વખતે વ્યક્તિએ ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર જાળવવું જોઈએ ;

v. ઉપાશ્રયના ફ્લોર એરિયાને એવી રીતે વહેંચવામાં આવશે કે વ્યક્તિ દીઠ 4 ચોરસ મીટર નું ક્ષેત્રફળ ફાળવી શકાય. ફરીથી ડિઝાઇન કરેલી જગ્યાઓના આધારે મહત્તમ ક્ષમતાની ગણતરી કરો, સ્થાનની સામે આવી ક્ષમતા પ્રદર્શિત કરો અને કોઈ સંજોગોમાં, આવી ક્ષમતા કરતાં વધુ એક પણ વ્યક્તિને સ્થળની અંદર મંજૂરી આપવામાં આવશે;

vi. તે સ્થાનમાં પ્રવેશવા અને બહાર નીકળવાના અલગ અલગ માર્ગો ની વ્યવસ્થા શક્ય હોય ત્યાં સુધી કરવી;

vii. પરિસરની અંદર અને બહાર કતારનું સંચાલન, 6 ફુટના અંતર સાથે ફ્લોર પર ચોક્કસ નિશાનો સાથે;

viii. પરિસરની અંદર પગરખાની મંજૂરી નથી

અંતે, અમે ફરી એક વખત સરકારને સુનિશ્ચિત કરીએ છીએ કે પર્યુષણના સમયગાળા દરમિયાન કોઈ પણ બાહ્ય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે નહીં અને ઉપર જણાવેલ ધાર્મિક યોગ જેવી આધ્યાત્મિક સુખાકારીમાં આત્મવિલોપન કરનારી પ્રવૃત્તિઓ ફક્ત કરવામાં આવશે. અમને શાંતિપૂર્ણ રીતે ધાર્મિક યોગ કરવા દેવા માટે સરકાર તરફથી તમામ ટેકોની અપેક્ષા રાખતા, અમે કોરોના વાયરસના ફેલાવાને રોકવા ના તમામ પ્રયત્નોમાં સરકારને શુભકામનાઓ માટે પ્રાર્થના કરીએ છીએ.

તારીખ: ૧૦/૦૮/૨૦૨૦ — તમારો વિશ્વાસુ,

સ્થળ: અમદાવાદ

**HARDIK V. VORA**
Advocate
FCA, LLB
Gujarat High Court
A/1207, Ratnaakar Nine Square, Opp. Keshavbaugh Party Plot, Satellite, Ahmedabad – 380015
hardik@hardikvora.com; 079-48480999; 9998966233

======================================================================

## વ્યાખ્યાન, સામાયિક અને પ્રતિક્રમણ માટે ઉપાશ્રયમાં કડક પાલન કરવા માર્ગદર્શિકા

ઉપાશ્રય સમય-સમય પર કેન્દ્ર / રાજ્ય સરકાર દ્વારા અપાતી તમામ આરોગ્ય સંબંધિત માર્ગદર્શિકા / એસઓપી / સૂચનાનું પાલન કરશે..

1. પ્રવેશદ્વાર પર હાથની સ્વચ્છતા (સેનિટાઇઝર ડિસ્પેન્સર) અને ફરજિયાત થર્મલ સ્ક્રીનિંગ રહેશે. પરિસરમાં ફક્ત અસમપ્રમાણ (asymptomatic) વ્યક્તિઓ ની મંજૂરી છે.
2. પરિસરમાં દરેક સમયે ચહેરાના કવર / માસ્કનો ઉપયોગ ફરજિયાત છે.
3. પરિસરની અંદર અને બહાર કતારનું સંચાલન, 6 ફુટના અંતર સાથે ફ્લોર પર ચોક્કસ નિશાનો સાથે કરવુ.
4. સામાજિક અંતરના ધોરણોને અનુસરતા પાર્કિંગના સ્થળોએ અને કોરિડોરમાં યોગ્ય ભીડનું સંચાલન કરવુ .
5. પ્રવેશ માટે કતારમાં હોય ત્યારે વ્યક્તિઓએ દરેક સમયે ઓછામાં ઓછું છ ફુટનું શારીરિક અંતર જાળવવું આવશ્યક છે .
6. 65 વર્ષથી ઉપરના લોકો, સહ-રોગવિષયક વ્યક્તિઓ, 10 વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને સગર્ભા સ્ત્રીઓએ પરિસરમાં / ઉપાશ્રયમાં પ્રવેશવાની સખત પ્રતિબંધ રહેશે.

7. પગરખા પોતાના વાહનની અંદર રાખવા. જો જરૂર હોય તો, ઉપાશ્રયમાં તે વ્યક્તિઓ દ્વારા પ્રત્યેક વ્યક્તિ / કુટુંબ માટે અલગ સ્લોટમાં રાખવી જોઈએ.

8. તે સ્થાનમાં પ્રવેશવા અને બહાર નીકળવાના અલગ અલગ માર્ગો ની વ્યવસ્થા શક્ય હોય ત્યાં સુધી કરવી.

9. ઉપાશ્રયના ફ્લોર એરિયાને એવી રીતે વહેંચવામાં આવશે કે વ્યક્તિ દીઠ 4 ચોરસ મીટર નું ક્ષેત્રફળ ફાળવી શકાય. ફરીથી ડિઝાઇન કરેલી જગ્યાઓના આધારે મહત્તમ ક્ષમતાની ગણતરી કરવી.

10. કતારને સંચાલિત કરવા અને પરિસરમાં સામાજિક અંતર સુનિશ્ચિત કરવા માટે પૂરતા અંતર સાથે વિશિષ્ટ નિશાનો બનાવવામાં આવે.

11. ફરીથી ડિઝાઇન કરેલા ઉપાશ્રય સ્પેસ મુજબ એક સમયે ભક્તોની સંખ્યા કરતાં વધુ ન આવે તે માટે તમામ વિગતો (નામ, સરનામું, ઉંમર અને સંપર્ક નંબર) સાથે ટોકન અથવા પૂર્વ નોંધણીની સિસ્ટમ શક્ય હોય તો વિકસિત કરવી .

12. બધા ભક્તોએ તેમનુ પોતાનુ કટાસણુ અને સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગ કરવા માટે જરૂરી અન્ય આવશ્યકતાઓ લાવવી.

13. વ્યાખ્યાન, સામાયિક યોગ અને પ્રતિક્રમણ યોગ જેવી દૈનિક પ્રવૃત્તિઓ સિવાય કોઈ પણ સંજોગોમાં કોઈ બીજી ઉજવણી કરવી નહીં.

તમારો વિશ્વાસુ

H.V.Vora

હાર્દિક વોરા

તારીખ:૧૩/૦૮/૨૦૨૦

સ્થળ:અમદાવાદ

**કદાચ**

**આવતી કાલના પારણે ઝુલતા મહાવીર**

**એટલે સાધર્મિક.**

**આવતી કાલના ચૌદ સ્વપ્નો જોતા ત્રિશલા માતા**

**એટલે સાધર્મિક.**

**આવતી કાલના કલ્પસૂત્ર અને બારસાસૂત્ર વાંચતા ગુરુદેવ**

**એટલે સાધર્મિક.**

વર્તમાનના વિકરાળ કાળની અપેક્ષાએ દાનનું સર્વોત્કૃષ્ટ ક્ષેત્ર

એટલે સાધર્મિક.

**તમે કલ્પના કરી છે ખરી ?**

જેમની નોકરીઓ છૂટી, જેમના પગારો તૂટ્યા, ધંધા ભાંગી ગયા,

જેઓ દિવસ-રાત ટેન્શનમાં આવી ગયા, જેમના બધાં જ

બધાં જ ખર્ચા ઊભા છે ને આવકોના સાધનો તૂટ્યા છે

એમના પર અત્યારે શું વીતતી હશે ?

મારી પ્રેરણા છે

**પર્યુષણનું સદ્‌વ્યયનું તમારું જે બજેટ હોય,**

**તેમાં શ્રીસંઘના નિભાવની રકમ બાદ કરી**

**બાકીનું ૯૦% બજેટ 'સાધર્મિક'ને ફાળવી દો.**

સ્થાનિક શ્રીસંઘ દ્વારા, એવી કોઈ સંસ્થા દ્વારા કે

વ્યક્તિગત તમને જે રીતે ફાવે તે રીતે

આ એક વર્ષ 'સાધર્મિક'ને સાચવી લો,

જો આપણે એવું ન કર્યું, ને ઈચ્છાનુસાર વર્ત્યા,

તો આપણે આપણને કદી માફ નહીં કરી શકીએ.

લોકડાઉન

હજારો સાધર્મિકો માટે મહામારિ જેવું બની રહ્યું છે.

આપણી પહેલી ફરજ એમને જીવાડવાની બની રહે છે.

एगत्थ सव्वधम्मा साहम्मियवच्छलं तु एगत्थ

ત્રાજવાના એક પલ્લામાં બીજી બધી જ ધર્મારાધના

ને એક પલ્લામાં સાધર્મિક વાત્સલ્ય.

## સંપન્ન પરિવારોને પ્રેરણા

કમ સે કમ

એક સાધર્મિક પરિવારને દત્તક લઈ લો.

એના પ્રત્યેક સભ્ય જાણે

તમારા જ સંતાન હોય

એમ તેમનું બધી જ રીતે યોગક્ષેમ કરો.

દ્રવ્યથી પણ.

ભાવથી પણ.

ધનથી પણ.

ધર્મથી પણ.

**એમનામાં આત્મનિર્ભરતા અને ધર્મચુસ્તતા બંને આવે,**

**એમનામાં આર્થિક-સદ્ધરતા અને આરાધના બંને આવે,**

તેઓ શાસનપ્રેમી, આચારચુસ્ત, જ્ઞાનસંપન્ન

એવા પ્રબુદ્ધ શ્રાવક બને

એવો પ્રયાસ જો તમે કરો

તો એ અઢી દ્વીપના ત્રણે કાળના સર્વ સંઘ-સભ્યોની

શ્રેષ્ઠ ભક્તિ કરવાનું પુણ્ય આપીને રહેશે.

इक्कम्मि पूइयम्मि सव्वे ते पूइया

हुंति ।